૨૦૯૦

દાતરડું વારતા.

જોયા આપણા જુવાનયોના ઢંગ!

પારસી જુવાનીઆઓની ફ્યાશની અને મુરખા-ઇના ચીતાર આપનારી, તથા ભરથારોએ જુવાનીના વખતમાં પોતાની બલો મા-ઉરદારો સામે બેફીકર રેહેતાં પાછલથી નીપજતા સંસારી ગેરફાયદા દરશાવનારી

નવાજબાઇ અને અદલશાહની

સંસારી રમુજી વારતા.

આ વારતા મે ૧૮૮૨થી નવેમબર ૧૮૮૨ સુધીનાં "દાતરડું" પત્રના અંકોમાં ચાલુ પ્રગટ થઇ હતી.

મુંબઇ:
મુંબઇ સમાચાર છાપખાનામાં
માણેકજી બરજોરજી મીનોચેહર હોમજીનાએ
છાપ્યું છે.

સને ૧૮૮૨.

દાતરડું વારતા. ૨૦૯૮

જોયા આપણા જુવાનયાના ઢંગ!

પારસી જુવાનયાઓની ટચાકી અને મુરખા-
ઇનો ચીતાર આપનારી, તથા ભરથારોએ
જુવાનીના વખતમાં પોતાની ભલી મો-
હરદારો સામે બેફકર રેહેતાં પાછલથી
નીપજતા સંસારી ગેરફાયદા
દરશાવનારી

નવાજબાઇ અને અદલશાહની
સંસારી રમુજી વારતા.

આ વારતા મે ૧૮૮૨થી નવેમબર ૧૮૮૨
સુધીનાં "દાતરડું" પત્રના અંકોમાં
ચાલુ પ્રગટ થઇ હતી.

મુંબઇ:
મુંબઇ સમાચાર છાપખાનામાં
માણેકજી બરજોરજી મીનોચેહર હોમજીનાએ
છાપયું છે.

સને ૧૮૮૨.

ખુલાસો.

આ ચોપડીમાં સમાયલી વારતા, રમુજી "દાતરડું" પત્રમાં મે ૧૮૮૨ થી નવેમબર ૧૮૮૨ સુધીના જુદા જુદા ૨૭ અંકોમાં કટકે કટકે છપાઇને પુરી થઈ હતી. હમો જોઇને ખુશી છીયે કે, દાતરડુંમાંની આગલી સંસારી વારતાઓની પેઠે આ વારતા પણ કુટંબોમાં બહુ માનીતી થઇ પડી છે; અને તેથી આ ચોપડીને તેઓથી સારો આવકાર મલવાની વકી હમો રાખયે છીયે. એ વારતામાં, એક શીખેલી અને શયાણી સ્ત્રી પોતાનાં સાસરાં અને વરને સંભાલવા તથા સુખી કરવાની સઘલી કોશેશ કરે છે; પણ એક તચાક, મુરખ અને અધુરી કેલવણીનો જુવાનયો ભરતાર તેની ખુબી ન સમજતાં તેનાથી તદન ઉલટીજ રીતે વરતે છે. તેનું સવભાવીક પરીણામ એ નીપજે છે કે, અંતે તેઓ એક બીજાંથી જુદાં પડે છે; તેમાં સ્ત્રી પોતાનાં ડહાપણ, સાવચેતી અને સલુકાઇથી પોતાને અને પોતાનાં બચાં છોકરાંને

પાયમાલ થતાં બચાવી શકે છે, અને મરદ પોતાની ગરૂરી, કમઅકલ અને હરામખોરાથી રખડી મરે છે. પારસી સંસારમાં દીસતી ખરાબીઓમાં આ જાતની પણ એક છે; અને તેને દુર કરવાની નેમથી તેનું એક નાનું સરખું ચીત્ર આ વારતામાં આપયું છે.

મુંબઇ, મુંબઇ સમાચાર આફીસ,
નવેમબર સને ૧૮૮૨

માણેકજી બરજોરજી,
મુંબઇ સમાચારના માલેક.

દાતરડું વારતા.

જોયા આપણા જુવાનયાના ઢંગ!

નવાજબાઇ હજુ તો એક રમતવાલ બાલકી હતી, અને પોતાનાં માબાપની માયામાં લાડથી ઊછરતી હતી, તયારથીજ તેણી સાસરાં મેલવવાનાં જીપલાં દેતી હતી. લગનની ખરી મતલબનો હજુ તો તેણીને સપનો પણ નહી હતો, અને લગનની કીરયાને તેણી એક ચાઇયાઇના દેખાવ બરાબર સમજતી હતી, તયારથીજ તેણી પોતાને પરણાવવા માટે પોતાનાં પયારાં માયજી પાસે હોંકરો કરી કરીને કાકલુદી કરતી હતી. તેણીનો એ હોંકરો તેણીની સાત આઠ વરસની ઊમરથી વલી વધતો ગયો હતો. તેણી તે વેલાએ એવુંજ સમજતી હતી કે, છોકરી પરણીને સાસરે ગઇ એટલે પરવારી ગઇ, અને દુનયામાં છોકરી માટે જે ઘણામાં ઘણું થવું જોઇયે તે સઘલું થઇ ચુકું. આપણાં લોકોમાં ઘણાંખરાં માબાપો છોકરાં પરણાવવામાં ભારે મોટાઇ અને ઉકમાઇ માનેછે. છોકરાં પરણીને સુખી થાવો કે દુખી, તેઓ બરફમાં પડો કે

અગનમાં, તેનો વીચાર ન કરતાં તેઓ, પોતા પાસે " ચાંચરની ચરખી " થતાંજ અને કારજની સેહલાઇ દેખાતાંજ આંખ વીચાને, જયાં ગમે તયાં અને જેની ગમે તેની સાથે, છોકરાંને હોમાલી દેછે, પછી " મુરદાં બેહેશત જનો કે દોજખ. " પોતાના શોક આગલ છોકરાંઓનાં સુખને તેઓ ભોગમાં આપવાને અચકાતાં નથી, અને પોતે મોટાઇ ખાટવા માટે જાણે પોતાનાં બચાંને તેઓ કીમતમાં આપેછે. માબાપની એવી વલણ અને ઈતેજારી જોતાં કેટલાંક છોકરાં, જેઓ જાતે ચબરાક અને હોંસીલાં હોયછે, તેઓ પણ બચપણથીજ સાસરાંની વાતને મોટી માની લેછે, અને પોતાનાં લગન માટે ભારે ચટાપટી દેખાડેછે. એવી ઊલટ છોકરા કરતાં છોકરીમાં વધારે જોવામા આવેછે.

આપણી નવાજબાઇ એમાંનીજ એક છોકરી હતી, અને પોતાનાં માતાજીને હંમેશ લગન સગનની વાતમાં મોજ અને મોટાઇ લેતાં જોઇને તેણી પોતે પણ સાસરાં માટે બચપણથી ઓરતા કરતી હતી. પોતાનાં મા સુનાંમાયને લોકનાં છોકરાંનાં કારજમાં ભાગ લેતાં તથા સગાંવહાલાંનાં છોકરાંનાં લગનની સાજવાર્ગી કરતાં તેણીએ વારંવાર જોયાં હતાં. પોતાનાં ઘરમાંના ભરભાડુતોની એકથી વધુ

છોકરીઓને પરણીને પરવારી ગયલી તથા સાસરે જવામાં મગરૂરી લેતી તેણીએ જોઇ હતી. કેટલીએક મોટી ઊંમર સુધી પરણ્યા વગર રહી ગયલી છોકરીઓનાં માબાપના બલાપા તથા હાય અફસોસ તેણીએ સાંભલયાં હતાં. પોતાનાં માયનાં જીવેજાનનાં સહી ચાંદણબાઇ વારંવાર મલવા આવીને નવાજબાઇનું "માથુ ધોઇ નાખવાને" ઉતાવલ બલકે ધાસો કરતાં, તથા "છોકરીની જાત તે ઊકરડાની જાત," "છોકરી સાસરે રૂડી" અને "હાથી દરબારમાં શોભે," એવી એવી શીલસુફી સમજાવતાં, તે તેણીનાં ધ્યાનમાં મજબુત રીતે ઠસી ગયલુ હતું. પોતાનાં મા "દુર બેસતાં" તે વેલા ભોંયતલયે "દુર બેઠેલાં" ચીઠડેહાલ બઇરાંઓનું પ્રદરશન તેણી હાલતાં ને ચાલતાં જોતી હતી; અને તેવી હાલતમાં આવતી કુમારી છોકરીઓને માટે તેમનાં મોંડાં ઉપરજ, તેમનાં સાસરાં નહી મલવાનો બલાપો તથા ધાસતી તેણીઓની માય માસીઓ દેખાડતી, તે તેણીનાં ધ્યાનમાં હતી. પોતાનાં માસીની દીકરીની અઘરણીની મજાહ તેણીએ ભોગવી હતી, અને તે અઘરણીના દોહડસેરયા લાડવાનો સગન ભરયો સવાદ તેણીએ ચાખયો હતો. સુવાવડી બઇરીઓની ઘોલકીવાલા હકતેખાની પરદા

અંદર તેણી પોતાનાં મા સાથ ઘણીવાર બેઠી હતી, અને તેથી બચ્ચાં જણવાની મોટાઈના ઉસકેરનારા ખયાલો તેણીનાં કુમળાં મગજમાં બેઠા હતા. એ સઘળા બનાવો તથા દેખાવોનો છાપ નવાજબાઇનાં નાજુક મિજાજમાં ઘણો મજબુતપણે લાગુ પડયો હતો, અને તેથી સવભાવીક રીતે તેવી હાલતમાં પોતે આવવાની હોંસ તેણીનામાં બચપણથી ઊતપન થઇ હતી. અને જયારે તેણીને લાગતું કે એ સઘલું લગનના સંબંધમાં બને છે, તયારે તેણી પરણવાને વધારે અને વધારે આતુર બનતી હતી. તેણી જાતે ખુબસુરત, મજબુત, ચાલાક, શયાણી અને ઘેરની "વગસગ"ની છોકરી હતી; અને તેથી માત્ર પરણવાનો ખાલી ઓરતો કરીનેજ રેહતી નહી, પણ તેને માટે પોતે પોતાની બાલક બુધ્ધી પ્રમાણે શોધ ખોલ કરતી. અને પોતાનાં માબાપને પોતાની ટુંક સમજ શકતી પ્રમાણે સલાહ પણ આપતી. પણ મોઠે ભાયગે તેણી એવા વખતમાં આવી પડી હતી. કે જે વેલા છોકરીઓના ઊઠાવ થવાભારી પડતા, અને છતે છોકરે છોકરાઓનો દુકાલ ચાલતો. તેથી જેમ જેમ નવાજબાઇ સાસરાં મેલવવાને અધીરી પડતી તેમ તેમ સાસરાં તેનાથી ભડકીને આઘાં નાહાસતાં. તોપણ

તેણીનાં માય લગન શોધવામાં, લગન કરવામાં તેમજ લગન ખાવામાં જબરાં હતાં, અને તે જોડે પાંચ સાત કારજ કરનારા અંધયારૂઓ તથા ગોરાણીઓ સાથ પીછાણ ધરાવતાં હતાં, તેથી અસુરેથી પણ તેવણ પોતાની ડાહી દીકરી નવાજબાઈનું સાસરૂં શોધી ક્હાડવામાં પાર પડયાં; તથા વલભભટ જોશીએ આપેલાં શુભ મુહુરતે મોટી ધામધુમ સાથ તેણીના "ચોખા છાંટી" આપયા; અને નવાજબાઈ પોતાની આઠ વરસનાં બચપણની મોરાદ, બીજાં આઠ વરસ રહીને એટલે સોલમે વરસે પામીને હસતી રમતી સાસરે સધાવી.

જયારે સાસરાંની શોકીન નવાજબાઇ પરણીને સાસરે ઘેર ગઇ તયારે તેણીનું દીલ હરખથી કેટલું ઉભરાયું હશે, તેનો ખયાલ વાંચનારી બાનુઓ સેહેજમાં કરી શકશે. હમો તો ટુકમાં એટલુંજ જણાવયે છીયે કે, નવાજબાઇએ સાસરા ઊંબરમાં પગ મેલતાંજ એવું માની લીધું કે, હવે સંસારનાં સરવે સુખ મારા પગ આગલ આવી પડયાં છે, અને મહારાણી વીકટોરયા કરતાં હવે હું માત્ર એકજ પગથયું હેઠલ છું. તેણીનાં મનમાં એવું આવયું કે, હવે હું મોટી બઇરી થઇ, ઘેરની ધણયાણી થઇ, અને સંસારની રાણી થઇ; સુખ અને

દોલત હવે મારે ઘેર બેઠાં આવશે; એક વરસમાં હું બચ્ચાંની માય થવશ, અને તે પછી વલી મોટાંમાય થઈ પડશ; હું પરણી—હવે બાકી શું રહયું! મને સાસરાં મલયાં—હવે બીજું શું જોઈયે! હું વર પામી—હવે હદ થઈ! આ અને એવા બીજા વીચારોએ, નીરદોષ બીચારી નવાજબાઈને થોડો વખત જાણે દીવાની બનાવી મેલી પણ નહી. તેણી હજુ કાચી સમજની છે, અને સાસરયાંના સંકટ તથા સંસારના મુશકેલીનો તેણીને કશો અનુભવ નથી, તેથી એવા વીચાર કરવામાં તેણી મોટી ભુલ કરેછે. એ ભુલ તેણીએ થોડાજ વખતમાં જોઈ; અને સાસરાં ઘેરને તે જે સુખનો ભંડાર સમજતી હતી, તે ઊપર મુશકેલીના સરપ બેઠેલા ધીરે ધીરે તેણીની નજરે પડયા.

વાંચનારી બાનુઓ અહીં બચાત એવોજ વીચાર કરશે કે, બીચારી નવાજબાઈની સાસુ કમજાત હશે, અને તે પોતાની વહુને "ધાણુ" ખાવા દેતી નહી હશે. પણ તેમ નથી. નવાજબાઈનાં સાસુ મીઠીબાઈ તથા સસરા મેહરવાનજી જોકે સાધારણ શકતી તથા સાધારણ સમજનાં છે, તોપણ તેઓ જાતે ભલાં માણસો છે, અને વહુને પોતાની દીકરી બરાબર ગણી પોતાથી બનતું અને

પોતાના અસલી વીચાર મુજબનું દરેક સુખ આપવાની કોશેશ કરે છે. તયારે શું નવાજબાઇની નરણ કમજાત છે ? ના, તે પણ નહી. નવાજબાઇની એકપુરી નરણ વીરબાઇજી હજુ કાચી અને નવાજબાઈનાં કરતાં પણ બે વરસ નાની છે, અને તેઓ બંનેના વીચાર તથા સવભાવ એકમેકને મલતા હોવાથી તેણીઓ સંપ અને પ્રીતીથી હલી મલીને ચાલે છે.

તયારે છેલે આપણી નજર નવાજબાઈના વર ઉપર જાય છે. આપણે તેની પીછાણ કરયે. નવાજબાઇનો વર અદલશાહ અઢાર વરસની ખીલતી વયનો એક ગબરૂ જવાન છે. તે જમાનાના આપણા જુવાનયાઓમાંનો એક અને તેનો સરસ નમુનો છે. તે જાતે મજબુત અને દેખાવલો છે અને તે સાથે જબરો એશકી છે. તે જાતે ચાલાક છે, અને વલી અભયાસી છે. તે હજુ સકુલમાં જાય છે, અને પોતાનો અભયાસ આગલ વધારે છે. પણ અભયાસનાં કરતાં બી તેની વલણ મોજમજાહ અને રમત ગમત તરફ વધુ છે; અને તેથી તે એક નાનો સરખો માટીડાજી થયલો છતાં હજુ મેટરીકયુલેશન પરોક્ષામાં પસાર થઇ શકતો નથી. મા બાપનો તે "નવાઇ ઓવાઇનો" અને "શી શી સખતીએ જીવાડેલો" તથા

"લોહડાંના ચણા ચાવીને મોટા કીધેલા" લાડકો છોકરો છે, જેથી તેઓ તેની ઉપર કશું દબાણ ન રાખતાં ટાડોમીઠો રાખીને અને ભાઈ બાપુ કરીનેજ ચલાવી લે છે. ટુંકમાં આપણો જુવાનજોત અદલ હજુ માટીડાપણું રાખી જાણુતો નથી. તે ડાહયા દોહરા માટીડાજી કરતાં એક રમતયાલ છોકરાને વધારે મલતો આવે છે. અને વાંચનારી બાનુઓ એવી કીસમના આપણા જમાનાના જુવાનયા ડગલે ને પગલે જોતી રહેછે, એટલે અદલ વીશે વધુ વીસતારીને હુમો તેમની ધીરજ ઉપર લાભ લેતા નથી.

નવાજબાઈ અને તેણીના વર અદલશાહના સવભાવ અને રીતભાતનું જે ટુંક ચીત્ર હુમોએ ઉપર આપયું છે તે ઉપરથી વાંચનારી બાનુઓ સમજી શકશે કે, નવાજબાઈ સાસરાંનાં સુખનો વીચાર કરવામાં ઠગાઇ કેમ. જયારે નવાજબાઈ સાસરે રહીને વહુપણું બજાવવાની તથા વર સાથ મલી ભેલાઈને ઘરબારનાં સુખ ભોગવવાની ઊલટ અને હોંસમાં દટાઇ રહેલી છે, તયારે અદલ તેનો વીચારબી કરતો નથી. તે નવાજબાઈ સાથ સુજગુજ કરતો નહી તો નહીજ, પણ તેણી સાથ સાદી વાતચીત કરવાનીબી ઝાઝી દરકાર કરતો નથી. તે દીવસનો મોટો ભાગ સકુલ

અને મેદાન મલી બાહેર ગુજારે છે–સકુલ જાણે તેનું મહીરૂં ઘર અને મેદાન સાસરૂં છે. અને તે જયારેબી ઘરમાં હોય છે તવારે ચોપડો ચોપડામાં માથું ઓસી લેસન કરેછે અને વારતા વાંચે છે, અને તેમાંથી જરાબી ફુરસત મલી કે કોઇ કોઇ જાતની છોકરવાદી રમત કરવામાં દમ બાંધીને રોકાય છે. વલી તે પોતાની ફુરસતના વખતનો કેટલોક ભાગ, દોસત આશનાઓ સાથ ગપા ટપા ચલાવવામાં અને તેઓનાં ઘરબારની ખબર લેવામાં કહાડે છે. તેના દરદોસતદારો પણ કંઇ એક યા બેજ નથી. મોહલે મોહલે અને ઓરડે ઓરડે તેના દોસતો છે, જેઓ પણ તેની પેઠેજ ઘણા ખરા ઘેરબારના લીલા છે. જે ગણગોઠ પોતાની મોહરદાર સાથ કરવી જોઇયે, તે અદલ પોતાના એવા દોસત આશનાઓ સાથ કરે છે, અને જેટલો ઘરૂપઠ તે પોતાનાં ઘરપર થતો નથી તેટલો તેમનાં ઘર અને બચ્ચાં છોકરાંપર થાય છે. જાણે દોસતોજ પોતાની બઇરી હોય અને બધો ભવ તેમનીજ સાથે કહાડવાનો હોય! પોતાનું ઘર કેમ ચાલે છે, ગુજરાન માટે બાવા અને માયજીના જીવ કેવા સીકે ઓલવાય છે, અને બઇરી મરે છે કે જીવે છે, તે તેની બલા પણ જાણતી નથી. તેની આ

રીતભાત નવાજબાઇને એક આફત સરખાં લાગે છે, તેમાં જયારે પોતે અદલને બોલાવવાની તથા તેની સાથ રમત ગમત કરવાની વાત કરેછે, અને અદલના પથર સરીખાં દીલ ઉપરથી તે પાણીની પેરે ધલી જાય છે, તયારે તો બીચારી નવાજબાઇના બારેબાર વાગી જાય છે. એવી હાલત થોડેક વખત તો તેણીએ "હશે થશે" કરીને લઇ ચલાવી. પ્રથમ તેણીએ એવું માની લઇને ધીરજ પકડી કે, અદલ ગમે એવા મોટા છે પણ હજુ વર તરીકે તેવણ નવાસવા છે, તેથી બઇરી સાથ છુટથી કામ લેવાને શરમાતા હશે; અને તેથી આજે નહી તો કાલે, મહીને નહી તો બે મહીને પણ સમજશે. પણ વખત જતાંબી જયારે તેમનામાં કશો ફેરફાર થયો નહી તયારે નવાજબાઇ તેપર ગંભીરપણે વીચાર કરવા લાગી, અને પોતે જાતે શોધક બુધ્ધીની હતી તેથી પોતાના વરને કેમ વશ કરવો તેના ઉપાયો શોધવા પડી.

એક દહાડે સાંહાંજે તેણી એજ વીચારમાં દલગીર દીલે બેસીને અદલ માટે કાલજ ગુંડેછે તેવામાં, દાદર ભાંજી નાખે અને ધરતી ધુજાવે તેવી રીતે ધમધમ કરતા આપણા અદલશાહ માલપર ચડ્ડી આવવા, અને પોતાના હા-

થમાં એક નાની કાનસરટીના હતી તેનો એકાદ "ટયુન" બગડી ગયલો હોવાથી તે સુધારવા ઊભા. તેવણ એવા તો ઊંડાં ધ્યાનથી તે મહાભારત કામ પાછલ લાગી ગયા કે નવાજબાઈ તરફ જરા નજર નાખવાની પણ તેમને તક મળી નહી. તોપણ નવાજબાઇને તો તેમને જોતાંજ નવેસરથી હરખ છુટ્યો. તેણી ઝટ પોતાની જગાપરથી ઊઠી કાલર પડતો મેલી, અદલનો હાથ પેલી કાનસરટીના જોડેજ પકડી હસતે મોંડે બોલી—"પયારા અદલ! જીભરૂં આજે આખા દહારાના કહાં ગીઆતા? આજે તો ઇસકુલની છુટી છે; તેવે દહારે તો ઘરમે જરા પગ ઠર રાખો વારૂં. અબ્બઈ રેહા વર થઇને બયરીની ખબર એમ લેવાય કે, કેહવાની મરૂં?"

અદલશાહ—(નવાજબાઇ તરફ પીઠ કરીને) છટ છટ છટ! ખસતી રેહ અહીંથી. મારી કાનસરટીના બગડી જશે તો મારો જીવ જતો રેહશે.

નવાજબાઈ—પયારા, હવે એ કાનસરટીના વાજાં ને સીસોલી તમે નાખી દેવો; હવે તો મરૂં તમારે ઘેર દીકરો આવશે તે કાનસરટીનાએ રમશે. તમે તો અબ્બઈ રેહા હવે મોટીડા થાયા.

અદલ—માટીડા થાયા તે વાસતે ગમે નહીં ! તયારે હજામત કરે કે ?

નવાજ—નહી રે, હજામત શું બલીચ ? માટીડા થયા તે ઘેરનો બધો કારભાર ચલાવે; બચ્ચાં છોકરાંની દેખરેખ રાખે; ઘણીઆણી સાથ બેસીને સુખ દુખની વાત કરે; અને——

અદલ—ચાલો વારૂં એમ તો એમ. હુમેબી જયારે ખરેખરા માટીડા થઇશું તયારે એવી કડાકુટ કરીશું.

નવાજ—ઓવાય ! અદલ, તયારે તમે શું બાવાજીના બુચા છેવો કે મરૂં ? બોલતાં જરા શરમાતાબી નહી જો. કેહતી ઓવ રાઊં ઓગણીસ વીસ વરસની ભરતીમાં આયા, ને કેહજે હું તો માટીડો નથી ! જુવોની પેલી મારી સહી શીરીનબાઇનો વર અખઇ રહયો તમારીજ ગુણનો છે ને ખોદા સલામત રાખે તો બે છોકરાંનો બાપ થયોચ.

અદલ—ઓહોહો ! ચણાનાં ઝાડપરથી ટુટી પડયો ! કરમના ભોગ તે અભાગયાના, કે નાની ઊમરથી એવી પીડામાં પરયો. જાજા મુરખ, મને શરમ લાગે એવી વાત ના કર.

નવાજ—નહી અદલ, તમે ભુલ કરોચ. હું બોલુંચ તે વાજબી છે; એ વાતથી તમોએ શરમાવું નહી જોઇયે, પણ હાથમાં આએ રમ-

કડું લઇ ચેરાં કહાડોચ તેથી તો ખરેખર શર-માવું જોઇયે. ચાલો મરું હવે એ મુવાંપર આંખ ને ભિંગું ના તાણ્યા કરો; એને હાથ-માંથી નાખી દેવો, ને બેઘરી મારી સાથે બેસીને વાત કરો. મારાં દીલમાં વાતનાં બધાં ગારાં ભરેલાં છે, તે તમારી આગલ ખાલી કરશ તો-જ મારો જીવ નચીંતાઈ પામશે.

નવાજબાઇની આટલી સમજાવટ છતાં અદલે જ્યારે કાનસરટીનામાથી ધયાન બાહેર કહાડયું નહી, તયારે તેણીએ અરધા ગુસા અને અરધી રમુજમાં તેના હાથમાંથી તે લઇને ફેંકી દીધી. તેથી અદલ એટલો તો તાતોવી-ઓ થઇ ગયો કે તે નવાજબાઇને જાણે મારી પાડત. પણ નહી. તે જેટલો રમતયાલ છે એ-ટલો ઘાતકી નથી. ઓર તે ભોલો અને નરમ દીલનો છે. તેથી પોતાને લાગેલો ગુસો તેણે ધરાધર પગો અફાડીને તથા ટેબલપર હાથો ઠોકીનેજ કહાડયો; અને નવાજબાઇ સામે માત્ર મોંડેથીજ બખારતો ઊભે દાદરે ઊતરી લેવટાની પેઠે ફફરતો ચટકતો બાહેર નીકલી-ચાલયો. આ વેલા તેનાં મા મોઠીબાઇ રાંધણી-માં કંઇ કામમાં રોકાયલાં હતાં, તેવણ એ ધપ-કારો સાંભલયાથી ધસકો ખાઈ પડયાં. તેવણને એવું લાગ્યું કે, જાણે આખો માલ તુટી પડયો.

તેથી તેવણ અવેરાં બહાવરાં બની લાગલાં નવાજબાઈ આગલ આવયાં, અને પુછપરછ કરતાં સઘલી વાત. જેમ બની હતી તેમ સાચે સાચી તેણીએ પોતાનાં સાસુને કહી દીધી. તે સાંભલતાંજ સાસુજી ટચકો કરી બોલયાં—"વાયવાય! બાજાં, એમ તે કંઇ માટીડા સાથે કરવાનું હોય? મારો દીકરો ઠકિલોપરકિલો બે ઘરી ઘરમે આવે તારે, માય, તું એમ પટપટારો કરી તેની મદદનો જીવ ના ઉકલાવ. હજુ તો તે જી ભરાયો ઊછલતો ને કુમલો છે, તો તેને ટાહાડો મીઠો રાખીયે કે એકદમ ભરકાવીને નહસારી મેલયે?" નવાજબાઇને પોતાની સાસુનો આ ઠપકો દુખપર ડામ સરખો થઇ પડયો. અને તેણીનાં એટલાં તો પાકી ગયાં કે અદલ ઉપરનો સઘલો કેહર તેનાં માય ઉપર કહાડત. પણ નહી. તેણીએ શયાણપણ વાપરીને વધારે તોર જોર કરવાના અખાડા કીધા અને માત્ર એટલુંજ બોલીને પટાવયું કે, "પણ સાસુજી, એમ આરૂં કાંય બોલોચ ને દીકરાંની એબ ઢાંકવા મને કાય નકામી સંતાપોચ? તમારા છોકરા વાછરડા કંઈ ઊતા કે ભરકયા? ને હું કંઇ તેવણની મદદને કરડવા ભખવા જાતીતી કે તેવણ બીહીને નાહસી ગીયા? હું તો બોર તેવણનું દીલ રીજવવા ગઇ. તેમાંથી

તેવણ ગલે પડવાનું બહાનું પકડીને સટકી ગીયા તેમાં મારી શું તકસીર ? એ તો અદલશાહને જેવું ભાવતુંતું તેવું વઇદે ફરમાવયું."

નવાજબાઇનો ગુસો અને તકરાર એટલાં તો વાજબી હતાં કે, તેની સામે કંઇ પણ વધુ બોલવામાં તેણીનાં સાસુએ ડાહપણ જોયું નહી. તેવણે યુકતીથી વાત ફેરવી નાખી અને નવાજબાઇને પતાવી તયાંથી પાછાં ગયાં. પણ ઉપલા બનાવથી સવભાવીક રીતે નવાજબાઇને બહુજ દુખ લાગુ હતું. તેથી તેણીની આંખમાંથી ખરેખર આંસુ ટપકયાં, અને કેટલોક વખત સુધી કામકાજ પડતું મેલી તેણીએ એનોએજ વીચાર મનમાં ઘોલયા કીધો. તેમાં અંતે તેણી એવા ઠેરાવ ઉપર આવી કે, અદલ જયારે છેકજ લાકાઇ દેખાડે છે તયારે મારે પણ તેને થોડો વખત મચક દેવું નહી, એટલે પોતાની મેલે તે ઠેકાણે આવશે. કેહવત છે કે, વાલયાં નહી વલે તે હારયાં વલે. પણ નવાજબાઇનો આ ઠેરાવ ઘાસનાં બલતાં સરખો હતો. તે ઝાઝો વખત ટકી શકયો નહી. તેણીનું દીલ અતીશે માયાલું છે, અને વર સાથ સુજગુજ કરવાનો અભખરો તેણીનામાં બચપણનો જડ ઘાલી બેઠેલો છે. તેથી રાત પડતાં અદલશાહ જેવા બાહેરથી ઘરમાં પાછા આ-

વયા કે, તેણી તેની આસપાસ ફરવા અને બોલાવવાની યુકતી કરવા લાગી. અદલના મનમાંથી પણ, જોકે પેલી કાનસરટીનાની વાત નીકળી ગયલી છે, તોપણ તે તો પોતાના સરેશતા મુજબ નવાજબાઇ તરફ બેદરકારજ રહયો. માએ ભાણું કરી આપયું તે એકલો એકલો ચાંપી ઉઠયો, અને પછી પોતાના ઓરડામાં જઇ ચોપડીમાં માથું બોસી લેસન કરવા પડયો.

નવાજબાઇએ કાનસરટીના ફેંકી દીધાથી અદલ રૂસાઇ ગયો અને રાતે પાછો ઘરમાં આવી એકલો એકલોજ જમીને લેસન કરવા પડયો, તે આપણે ઊપર જોયું. આ રીતે એકાંત બેઠેલો જોઇ તેને બોલાવવા તથા તેનો ગુસો નરમ પાડવાને નવાજબાઇએ સારી તક જોઇ. જાણે કંઇ બનયુંજ નહી હોય તેમ તેણી તેની પાસે ગઇ, અને બોલી, "પયારા અદલ, મરૂં તમે કેટલી હેપઝેપ કરોચ? દીવસે તો વાંચ વાંચ કરોચજ, પણ રાતેબી એજ ધંધો કે? તો પછી તમારૂં માથું તે કેટલું જવાબ દેશે? એટલી મેહેનતથી તો માણસની દેહદણી તુટી જાય. ચાલો અદલ, હવે ઉઠો. એ રાણ ચોપડીને જરા ઊંચી નાખો ને બે ઘરી વાતચીત કરી ભેજાંને કંઇ આસાયશ આપો."

એમ કહી નવાજબાઇએ અદલશાહના હાથ-માંથી ચોપડી લીધી અને ઘેરની કંઇ વાતચી-તની શરૂઆત કીધી. પણ તેથી ધારેલું પરી-ણામ નીપજ્યું નહી. ઓર અદલનો મીજાજ ગયો અને તે હાથ ને પગ પછાડી બોલયો, "તોબાહ ! ઓદા તોબાહ ! એ પીડા કેમ ખ-માય ? એ ઘરી રમવા જમવા કે ફરવા હરવાનો કરાર તો નહીજ પણ વાંચવા લખવાનોબી કરાર નહી મલે. એ પીડાથી તો હું કલાસમાં લા-સનો લાસ રેહુંચ, તેમાં વલી રાણ માથું ખાવા આવી."

નવાજબાઇ-શાબાશ રે અદલ, તમે એવાબી બેકદર છેવો ? હું તમને આસાએશ ને સુખ આપવાની કોશેશ કરૂંચ તેને તમે મદઈનું માથું ખાવાની વાત ગણોચ; એબી મારાં નસીબની વાત. આખા આખા દહારા તમે દોસતદારોને ઘેર ને તેમની સાથે ફરવા હરવાને મોજમજાહમાં કહારોચ, ને લેસન નહી થાતું તેનો દોષ બહારીને માથે મેલોચ. કહેવત છે કે અરો ઘરો ને નાલી વહુપર આવીને પરો, તેમાંની એ તો વાત થઈ. પણ કેહવોની અ-દલ, મેં કે દહારે તમને લેસન કરવા ના કહયું ?

અદલશાહ-તો નહી ? દરરોજ જારે હું લેસન કરવા બેસુંચ તારે તારી આંખમાં શ-

નીશચર ભરાયચ ને આવીને કંટાલો આપેચ કે, ચોપડીને બાલી નાખો ને બસ મારી સાથે વાત કરો. તો શું તારી સાથ વાત કરવાથી કેલવણી મલવાની ને દલદર ફીટવાનું હોશે? બઇરાં સાથ વાત કરવા તથા ગપાસપા મારવાનું કામ પરવારતા ને બાયલા લોકનું છે; હમારા જેવા અભયાસી જુવાનીયાઓનું નથી. શું તુંને ખબર નથી કે મેટરીકયુલેશનની પરીક્ષા નજદીક આવીચ ને તેથી હું શીખવામાં એવડી ચોવડી જેહમત એચુંચ? તું જાતે નાદાન ને વગર શીખેલી છે, તેથી તુંને અભયાસની કદર કે ખબર નથી. જરા આંખ ઉઘારીને જો, મારા ડીયર ફરેંડ સપલશાહની વાઇફ કેટલું બધું શીખેલી છે; તે પોતે હજુર શીખેચ ને વરી પોતાના વરના અભયાસમે મદદ કરેચ. અરે ઓદા! કેવી તે સરસ બઇરી ને કેવો તે ભાયગસાલી વર!

નવાજ–તમે એ વાત બરાબર બોલયા, અદલ. હું પોતે તમારી આગલ શીખવાને અને બને તેવી મદદ તમારા અભયાસમાં કરવાને તઇયાર છેઉં. પણ તે તમો ઘરમાં ઠરો તયારે કેની? તમોને તો મારી ગનજ નહી સોહવાણી તેનું કેમ? અલબત તમો તો જી ભરૂં મોટા અભયાસી ફીલસુફ છેવો, ને હું તો મુઇ

એત્રીજ. પણ તયારે વર તરીકે તમારી ફરજ છે કે મને શીખવો ને સુધારો. હા, બીચારાં મારાં માયબાપ ગરીબ પડયાં તેથી તેઓએ મને પુરતી કેલવણી આપી નહી. તોપણ મને તેઓએ સાધારણ કેલવણી તો આપેલી છેજ, સાતમી ચોપડી વટીક મેં પુરી કીધેલી છે, તેથી હું અભયાસમાં આગલ વધવાની હીંમત રાખુંચ. પણ એ બધું તમારી દીયાનત ને મદદ ઊપરજ છે.

અદલ–ઠીક છે; તયારે હું મેટરીકીયુલેટ થયા પછી વીચાર કરશ.

નવાજ–ઘણું સારૂં. બેલાશક તમે તમારો અભયાસ વધારો, પણ જારે અભયાસથી ફરસુદ પામો તયારેજ એમ કરવામાં અડચણ શું છે ? લેસનને વખતે લેસન કરો ને બાકીનો વખત પોતાની બહેરી સાથ કહાડો, તો પછી હું રાણ શું ઘેલી છેવું કે તમારા અભયાસમે આસે પરૂં ? પણ તમે જારે મને છેકજ નીવારપાટો આપો ને આખા આખા દહારા દોસતારો સાથ કહારો તારે પછી મારો જીવ તે કેમ રહે ?

અદલ–હા ! તું મોટી શાહજાદી આવી તેથી તારે લીધે હું મારા દોસતારોને છોરી દેઊં ! રાણ મુરખ, તુને દોસતારોની ખબર શું

છે ? દોસતારો વરે તો જીવતર છે ને દોસતારો વરે તો હું જીવુંચ, ને દોસતીજ આય દુનયામાં ફરેશતાઈ સુખ છે. જે માણસને દોસત નહી તેનું જીવતર બલયું, ને જે દોસતો તરફની ફરજ નહી અદા કરે તે મંડલીમાં રેહવાને પણ નાલાયક છે. ખોદા મારા દોસતોને સલામત રાખે ! હું તેમની સાથ નહી ફરૂં તયારે કોણની સાથ ફરૂં ? તેની તું શા માટે અદેખાઈ કરેચ ?

નવાજ–પણ તયારે મારી સાથે પરણયા બી શું કરવા ? તે દોસતારો સાથેજ કાની પરણયા ! જયારે દુનયામાં બધું સુખ દોસતોમેજ ભરાઈ ગયુંચ તારે મુવા લોક ઘેલા છે કે બઈરી કરેચ, ને ખોદાએ ભુલ કીધી કે બઈરી જાતને સરજી. વારૂં અદલ, જરા તમારાજ દોસતારોને પુછોની કે, તે લોકબી પોતાને હાથ લાગેલીઓને એવોજ નીવારપાટો આપેચ કે ?

નવાજબાઇની આ તકરાર વાજબી હતી, અને જયારે તેનો સીધો જવાબ અપાયો નહી તયારે અદલ તયાંથી છીટું ખાધી ફફડી ચટકીને ઉઠી ગયો, અને પોતાના બાવાના ઓરડામાં જઈ એક અંગરેજી નાવેલ વાંચી પોતાના જીવને રમાડવા લાગો. અદલની એ વરતનુક ખરેજ એક ભરતારને ન છાજતી છે. તેથી નવાજબાઈનું દીલ કેવું જખમી થવું જોઇયે તે

વાંચનારી બાનુઓ સેહલથી સમજી શકશે. તેમજ તેથી તેણીનો પોતાના વર તરફનો પયાર કેટલો કમી થવો જોઇયે તે પણ તેઓ સમજશે. પણ નવાજબાઇ તેટલી હદ સુધી હજુ જાી નથી. તેણીએ આગલની પેઠે એકવાર ફરી ઠેરાવ કીધો કે, અદલ સાથ થોડા દહાડા રૂસાઇ રેહવું, એટલે તે પોતાની મેલે ઠેકાણે આવશે– "વારયા નહી તો હારયા વરશે." અદલના જવાબ એટલા બેમરવતાઈ ભરેલા છે, અને નવાજબાઇને તેથી એટલું માઠું લાગ્યું કે તેવણે આ વેલા પોતાનાં દીલનો એ સખત ઠેરાવ કેટલેક દરજે પાલયો. તેવણ અદલ સાથ રૂસાયાં. અહીં વાંચનારી બાનુઓએ એમ નહી સમજવું કે, કેટલીક કલાંઠ અને છકેલ બઇરી-ઓની પેઠે નવાજબાઇએ રૂસાઇને વરને અપ-માનો કરવા માંડયાં હશે, અને તેનું દીલ દુખ-વવા જેવો રસતો લીધો હશે. નહી; નવાજબા-ઇનું રૂસણું તેવી જાતનું નથી. તેવણ રૂસા-યાં, એટલે તેવણે અદલને બોલાવવાનું, તેની પુછપુછ કરવાનું અને તેને ટાઢો મીઠો રાખવાનું માંડી વાલયું. તેણીનાં મનમાં કીના જેવું તો કશું છેજ નહી. જેમ બાલકો પોતા વચે વાંધો પડતાં તેનો નાવેડો "કટી" કરીને લાવેછે, તેવી જાતની આ એક "કટી"છે. એ કટી-

ના વખતમાં પણ નવાજબાઈ અદલનું ઘરનું કામકાજ કરવામાં પછાત પડતી નથી. અદલનું મોહું મુકવાનું, ચાહ આપવાનું, કપડાં કપડાં આપવાનું વગેરે કામ તેણી આગલનીજ પેઠે કરતી જાય છે. ફરક એટલોજ કે, તે વેલા તેણીનું મોહું બંધ અને ભવાં જરા ચઢેલાં રેહતાં. પણ અદલ તેની થોડીજ દરકાર કરે છે. ઓર તેને તો "બોદાયજી પાયા". નવાજબાઈ એક ગણી બેદરકારી દેખાડે છે તો અદલ દશ ગણી દેખાડે છે. એથી વલી નવાજબાઇ પોતાના ઠેરાવમાં ઘચુપચુ થઇ. તેણીને લાગું કે, રૂસણામાં તો "ડોસી ને ગાંસડી બંને જાય છે." અદલ ઠેકાણે આવતો નહી તો નહીજ પણ ઓર બેદરકાર અને છકેલ થતો જાય છે. તેથી તેણીએ તેને પાછો બોલાવવાની અગત જોઈ. પણ જો એકદમ તેને બોલાવે તો તે ઘીપર જાય એમ છે, તેથી તેણી કાંઇ તક અને બહાનું શોધવા લાગી.

તેવી તક મલતાં કંઈ વીલમ લાગો નહી. આ વેલા અદલની સાલગરેહનું ટાકણું આવી લાગું; અને થોડાક વખતની વાટ પર તે સીક પડી ઊઠયો હતો તયારે તેનાં માએ માનતા લીધી હતી કે, તે જો દુખતું દોહેલું પઓરી ઝાટકીને જલદી ઉઠે, તો તેનું આવતું વરસ

સગન સાથે અને ધામધુમથી ઉગાડવું. તેથી હજુ તો સાલગરેહને એક અઠવાડયું છે તયારથી તેમનાં ઘરમાં તેની તઇયારી ચાલી રહી છે. મીઠીબાઈ અને મેહેરવાનજીને આજ ઘણોક વખત થયો "બલાહ" કરવાની અને નામ કહાડવાની તક મલી નથી, તેથી તેઓ અદલની વરસગાંઠને બહાને પાંચ માણસોને જમવા તેડનાર છે, આતશનું ગીત ગવાડનાર છે, આતશ બેહરામ માચી અને ફુલારૂં ચહડાવનાર છે, તથા સગાં વહાલાંને કપડાં વગેરે કરનાર છે. આ સઘલાં માટે સરવેને નવી ઉલટ આવી છે, અને સઘલાં અરસપરસના વાંધા ભુલી જઇને વરસગાંઠની ધામધુમમાં પડયાં છે. વરસ ઉગાડવાની કીરયાનો સામન, જમાડવા ખવાડવાની ચીજો તથા કપડાં ચપડાં સરવે ત્રણ ચાર દીવસ આગમજથી આવવા માંડયું છે, અને જાણે અદલશાહ નવેસરથી વરઘોડે ચહડવાના હોય તેમ તેમનું નાનું ઘેર ગાજી રહયું છે. મીઠીબાઈ, મેહરવાનજી, તેમનાં સગાં વહાલાં તથા ભર ભાડુતો દહાડો ને રાત તેની ગોઠવણ કરે છે, મસલેહત કરે છે અને દોડાદોડ કરે છે. આપણી નવાજબાઈ પણ તેમાં તેવો ભાગ લે છે. બલકે સરવે કરતાં તેણી વધારે ભાગ લે છે. તેણી સાસુ સસરા સાથ એ વાતની મસલેહત કરીનેજ રેહ-

તી નથી, પણ ઓલખીતાં પાલખીતાંને "જરૂર આવજો માય," "ગરીબને માન આપજો બાવા" કરી તેડવામાં તથા સરસામન વસાવવામાં પણ તેણી આગેવાન ભાગ લે છે. જે જે કીરયા અને ધ્રામધુમ પોતાને મહીરે ઘેર પોતાનાં માયને કરતાં તેણીએ જોયાં હતાં, તે સઘલું પોતે જાતે કરવાને તેણીને આ તક ઘણી સરસ મલી ગઈ છે. જોકે તેણીનાં સાસુ એવાં કામ કરતાં ઘરડાં થવા આવયાં છે, અને તેવણનો કુનેહ ઘણી ઉંચી પ્રકારની છે, તોપણ નવાજબાઈની ઝડપ અને ચંચલાઈ આગલ તેવણ ઝાંખાં અને ગાભરાં પડી જાય છે. નવાજબાઈ આ વેલા ગોયા તેમનો જમણો હાથ, બલકે તેમનાં ઘેરનો વજીર થઇ પડી છે. કપડાં લેવામાં જોઇયે તો નવાજબાઇ, જણસ ઘડાવવામાં જોઇયે તો નવાજબાઈ, સેસ ભરવામાં જોઇયે તો નવાજબાઈ, પરોણાંને આવકાર દેવામાં અને "મરૂં ઘરૂં" કરવામાં જોઇયે તો નવાજબાઇ, વર તથા સસરાને ટીલા કરવામાં જોઇયે તો નવાજબાઈ, સઘલામાં નવાજબાઈ, જયાં જોઇયે તયાં નવાજબાઇ, જેમાં કહો તેમાં નવાજબાઇ, નવાજબાઈ અને નવાજબાઇજ! નવાજબાઇ કેટલાં ચાલાક છે, તેવણનાંમાં કેટલું પાણી છે અને ઘર સંસારમાં તેવણની અગત કેટલી છે તે, તેમનાં સાસુ

સસરાને તેમજ બીજાં લગતાં વલગતાંને આ વેલા બરાબર માલુમ પડયું.

અદલશાહની વરસગાંઠની મેનીજમાં નવાજબાઈ કેટલો સરસ અને આગેવાન ભાગ લેછે, તે તો આપણે સારી પેરે જોયું. પણ અદલશાહ પોતે તેમાં કેવો અને કેટલો ભાગ લેછે? આ સવાલનો ફડચો હમારી તરફથી ન કરતાં, હેઠલ આપેલી વાતચીતમાંથી તેનો સાર કહાડી લેવાને હમારાં વાંચનારાંઓને હમો ભલામણ કરયે છીયે. એ વાત વરસગાંઠની તઇયારીની છે, અને તે નવાજબાઇ તથા તેમનાં સાસુ સસરા વચ્ચે શરૂ થાયછે—

મેહેરવાનજી—બધી મલીને ચાર હજાર લાવવાને હજરામ કાપરયાને કહેલું છે.

મીઠીબાઈ—(ગુસાથી) મેહરવાનજી, તમેબી કેની તે પોતાનીજ મમત પુરી પારોચ જો. પણ સંસાર વેહવારની રીત કંઇ સમજતા નહીં. જયારે અમસી બેનને હજાર સાથનો વાગો કરો તારે બેનની દીકરીને કરયા વગર ચાલે?

મેહેર—બાસ્સું! એક હજાર વલી વધી! ચાર ઉપરથી પાંચપર આવી; હવે પાંચ ઉપરથી છપર આવશે.

નવાજ—પણ સસરાજી, તમે એટલાંથીજ કાંય અકલાઈ જાવોચ? સાસુજીએ કહયું તે

ઉપરાંત બીજી બે હજાર વધારે જોઇશેજી. જારે બેનની છોકરીને કપરાં કરશો તારે તમારા ભાઇની છોકરાને કાંય નહી? શું તે તે તમારાં બચ્ચાં નહી? તે બાચારી બાપ વગરની છોકરીઓ તો જાણે તમેજ મરૂં તેના બાપ.

મેહેર—પણ તે દુકતીઓ તો બે છે?

નવાજ—હાજી, બે હોય કે ચાર હોય, પણ વડાંની રીત પ્રમાણે સંધાને કરવુંજ જોઇયે.

મેહેર—પણ નવાજબાઇ, તું બીજો વીચાર કેમ નથી કરતી? એમ ભાઇ બેનની છોકરીઓને કપડાં કરીયે તો પછી મામા માસાની છોકરીઓને ગોસો નહી લાગશે? એમ તો પછી આંધલાંની હાર નીકલી આવે ને આપણે ઘેર વેચતાંની છેરો નહીં આવે.

નવાજ—તમે ગમે તેમ તકરાર કરો સસરાજી, પણ એકને કીધું તો બીજીનેબી કરવુંજ જોઇયે.

મેહેર—હા. એક મરે તો બીજીએબી મરવુંજ જોઇયે!

નવાજ—સસરાજી, તમો ઉપરના ઉપર જવાબ આપોચ તે તો ખરા; પણ હરવાઈ આપરાં લોકની રીત પરેલી તેનું કેમ? એ બધા બઇરાંના વેહવાર છે. એમાં અખ્ખઈ રેહા માટીડાને સમજ નહીજી. એમ જોઈ તપાસોને

નહીં કરયે તો પછી પાંચે દહારે હમારાં હારકાં ચામરાં પીજાય.

મેહેર–તોબાહ ! કમબખતી જે મરદ ખરચ કરવા નીકલે તેની !

એટલાંમાં આપણો અદલ તયાં અંચાનો આવી લાગે છે, અને હાંફુલોફાંફુલો બની ઘરનાં ખુણાંખંટોલાં તપાસતો "મારો બૉલ ! મારો બૉલ !" કરી બુમ પાડે છે. તેની એ ધાંધલ જોઈ તેનાં માય ગભરાઈને પુછે છે, દીકરા બૉલ શું ?

અદલ–કરીકેટ રમવાનો મારો બૉલ નહીં દેખાતો; તે કયાં ગયો ? ક્યાંહીં તો કેહો નહી મલે. કમબખતોએ કોણ જાણે કાંહાં નાખયો હોશે. મારો બૉલ !

મોટીબાઈ–જો જો દીકરા, ચાલમાંની પેલી તાકપર હોશે. મેં કાલે તાંહાં દીઠો તો.

અદલ–નહીં મલે તાંહાંથી. આખું ઘેર તો શોધી મારયું. તચતચ ! મારૂં બધું કામ અટકી પડયું તો. મારો બૉલ !

નવાજ–(પાકી ગયાથી) "બધું કામ અટકી પડયું !" તો શું ભરાયા કાંહાં લવંગની વખારે જવાના છેવો ? ને શું લાખનાં લેખાં કરવાના છેવો ?

અદલ– "લવંગની વખાર" ને "લાજનાં લેખા!" અરે બુબખ, તું સમજેય શું? બૉલ બેટની રમતની ખુબી ને તેની કસરતના ફાયદા, તારી "લવંગની વખાર" ને એલચીનાં ગોદાઉન કરતાં દશ હજાર ગણા વધારે છે. કરીકેટની હરીફાઇને વાસતે તો છેક આસ્ત્રેલીયાથી વેલાત અને વેલાતથી અમેરીકા સારાંસારાં માણસો મુસાફરી કરેય.

નવાજ–તાજ અજબ છે કે તમો કરીકેટ રમવાને છેક વેલાત વેર નહીં જાતા! તમેબી મરૂં સરસ કરીકેટ રમનારા છેવો.

અદલ–અરે અરે! મારો જીવ જાએય ને આય રાણ પોતાનું ડહાપણ કરી વખત ગાલી નાખેય.

નવાજ–તો, પણ અદલ, આજનો દહાડો બૉલબેટ રમવા નહીં જાવો તો મદદને શું ખોટ આવવાની છે? હજુ તો મરૂં હમણાં ઇસ્કોલમેંથી આયા, તેટલે વરી પેલી મુઈ રખડતી રાણની પએબાહાર જાઉં બાહાર જાઉં શાનું કરી રેહાય? હું કંઇ તમને એવે સપરમે દહારે બાહાર જવા દેવાની નથી. તમો જાણોય કેની, કે તમારૂં હસ્તું રમતું ને સખ કરારનું વરસ આયુંય તેની અહીં તઇયારી કરયેય? તો તેનું કંઈ લાવવું છે, લેવું છે, કરવું છે, કારવવું છે,

તે કરો. બીચારા સસરાજી એખલે હાથે ઘસ-રઓરો કરતાં મદદ ગણમસ થઈ જાયચ.

મીઠી–પણ મરૂં એને તો ખબરબી ન-હી હોશે કે વરસ કોયે રોજે ઉગશે.

અદલ–એપ્રીલની પેહલી તારીખે એપ્રી-લ ફુલની સાથે ઉગશે!

નવાજ–સાસુજી, એમાં એવણ કરતાં તમારો ઘણો વાંક છેજી. તમે એવણને ઘોંક ઘોંક કરી ઘેરમાં રોકતાં રેહો તો પછી એવણ એટલા નભરવસ થાય નહી.

મીઠી–ચાલ નાજાં, એમ બોલીને મારા નવાઇ ઓવાઇના દીકરાને તું ગુંગલાવ ના. અમ્મઈ રહયો દહારેવારેનો થશે તારે પોતાની મેરે સંધું ઘેરબાર સાચવશે. એના બાપને જી; તેવણ કેવા બાર હાતના છે; તેવણ હમણાં ઘેર સાચવેચ, તેટલે એ જી ભરાયો રમી ફરીને મોજમજાહ કરી લીએ તેજ સારૂં. ચાલ દીકરા, જીવ ના કુહુરાવ, હું તારો બૉલ શોધી આપું.

એમ કહી મીઠીબાઇ બીજી તરફ બૉલ શોધવા જાય છે, અને તેથી અદલને એકલો પ-ડેલો જોઈ નવાજબાઈ તેને પટાવેછે,– " એટલા આકલા કાંય પરોચ, અદલ? મારેથી કંઇ બેઅ દબી થતી હોય તે માફ કરો, પણ તમે મેહર-બાની કરી હમણાં તો ઘરમાંજ રેહો. તમે આ-

બા આખા દહારા બહારને બાહાર રેહોય તેથી મને ઘરમાં એકલું ફુરવું પડેચ, ને મારાં દીલમાં ઘણું ઓછું આવેચ. આય સપરમે દહારે આપરાં ઘેરમાં કેવી ધામધુમ થાયચ, પણ તમારા વગર મને તે સંધુ લુખ્ખું ને નકામું લાગેચ. તમારાં વરસને દહારે પાંચ લોક ઘરમાં એકઠાં થાશે તારેબી તમે એમજ કરશો કે ? જોવ અદલ, હું તમને મારા જીવના કસમ આપીને કેહુંચ કે તે દહારે તો તમે બસ ઘરમાંજ રેહજો હો. ને વરી મારી સાથે સારી રીતે વાતચીત ને હસબોલ પણ કરતા રેહજો, કેમકે નહી તો બાહારનાં લોકમાં મને બરડે પાણી ઊતરશે જો.

અદલ–પણ મારો બૉલ ! જાંહાં સુધી મારો બૉલ નહી મલે તાંહાં સુધી હું બીજું કંઇ સાંભલવાનો નથી.

નવાજ–તારે જો હું તમારો બૉલ શોધી આપું તો તમે મારૂં કહ્યું કબુલ રાખશોની ? જો તમે મને એટલી કબુલાત આપો તો હું અબ ઘડી તમારો બૉલ શોધી આપું.

અદલ–હા ! હો હું સમજયો. જાંહાં છે તાંહાં તેંજ મારો બૉલ કેડે સંતાડયોચ.

નવાજ–બચીત. અદલ, તમે કેહોચ તે વાત ખરી છે. મેં આજે તમારો બૉલ સંતાડયોચ ખરો. તારે એ ઉપરથીજ તમે સમજો

કે ઘરમાં તમારી હાજરી માટે હું કેટલી ખંઠી ને ઊલટમંદ છેઊં. જારે તમે ખાજી રીતે મારૂં કહ્યું નહીજ માનયું તારે અંતે બૉલ સંતાડવાની મને ફરજ પડીઅ.

અદલ–લાવ, લાવ, તે અબ ઘડી લાવ. મારો બૉલ !

નવાજ–હમણાંને હમણાંજ આપું, પયારા. પણ તમે તે લઇને બાહેર તો નહીજ જતા રેહશો કેની ? અદલ, મારો એટલો બોલ કરશો કેની ? જો કરશો તો તમારી ઉપરથી આખાને આખી હું ઓવરાઈ પોવરાઈ જવશ.

અદલ ગમે એવો બેદરકાર છે, તોપણ નવાજબાઇના એવા મીઠા સખુન અને કાકલુદીથી તેમજ બૉલ સંતાડવાની વાત તુરત માની દીધાથી, તેનાં નાદાન દીલ ઉપર થોડી પણ અસર થઈ. અને મેદાનપર જવાનો વખત પણ થઇ ગયો, તેથી તેણે આજે ઘરમાંજ રેહવાને કબુલ કીધું. નવાજબાઇને તેની આ વલણુથી એક પાદશાહી મલવા જેટલો સંતોષ થયો, અને તેણે તુરતજ પોતાની પેટી ઊઘાડી તેમાં બૉલ સંતાડેલો કહાડી આપયો. નાનાં બાલક જેમ રમકડું મલવાથી ખુશી થાય તેમ અદલ પોતાનો બૉલ મલવાથી ખુશી થયો તેને ખુશી થયલો તથા લગાર રાહપર આવેલો

જોઇ તેનું મન જીતવાને નવાજબાઈ ઊલટ ભરેલાં દીલથી તેની પાસે બેઠી, અને પોતાની વાત શરૂ કરવાને "પયારા અદલ" કરીને મથાલું કરયું.

પણ અફસોસ! હજુ તો ગરીબ બીચારી નવાજબાઇ "પયારા અદલ" કરીને બોલેછે તેટલે "પયારા અદલ" ના જીવેજાનના મીત્ર પેલા "વહાલા સપલ" દાદરપર ધમધમ ચહડતા તયાં આવી લાગા. અરેઅર કબાબમાં હાડકું! પોતાના વર સાથની એકાંત મુલાકાતમાં સપલશાહની હાજરી નવાજબાઇને એક રાક્ષસના સરખી ભયંકર લાગી. તેણીના હોટ જાણે બંધ થઇ ગયા અને તેણીનો ચેહરો ફીકો પડી ગયો. એ વેલા તેણી જે રીતે વાત કરતાં અચકી ગઇ અને તેણીનાં મોંડાં ઉપર જે કચવાટ પ્રગટી નીકલયો, તે જોતાં કોઇ પણ સમજુ માણસનાં દીલને લાગયા વગર રહે નહી. પણ સપલશાહ, અદલશાહના મીત્ર છે, અને તેમના જેવાજ ચેરા અને ચરકટા છે; તેથી તેવણે તેની કશી પણ દરકાર કીધી નહી. ઓર તેવણ નવાજબાઈ તરફ કશી પણ સભયતા કે માન દેખાડયા વગર અને તેણીને કશી પણ રીતે કોહું દીધા વગર લાગલા અદલ આગલ ધસયા ગયા; તેનો હાથ ખેંચી જોરથી શેકહેંડ

કીધી, અને "હાઊ આર યુ, ડીયર ફરેંડ" કરી તેની સાથ વાતનું મંડાણ કીધું. અદલ પોતે પણ સપલને જોતાંજ જાણે કોઈ બેહશતનો ફરેશતો આવયો હોય તેમ, નવાજબાઇને ખરતાં મેલી લાગલા ઉઠી ઉભા થયા, અને તેના હાથમાં હાથ મેલવી "કુવાઇટ વેલ, કુવાઇટ વેલ, ડીયર સપલ" કરી તેની સાથ વાતચીતમાં મશગુલ થયા, અને નવાજબાઇ નવાજબાઇને ઠેકાણે રહયાં !

પયારા અદલ અને વહાલા સપલ બંને સાથે મલી ખેરઆફયેત પુછયા પછી તેઓ વચે જે મોટી અગતની રાજદવારી વાત થઈ તે હેઠલ પ્રમાણેઃ—

અદલ–કેમ ફરેંડ, આ વખતે તુને એકાએક અહીં આવવું પડયું ?

સપલ–ડીયર, એટલાજ માટે કે તું હજુ સુધી મેદાનપર આવયો નહી. રાહ જોતાં જોતાં બધા ફરેંડો થાકી ગયા.

નવાજબાઈ–(મનમાં–ખુબ ફફરાટથી) મુવા બધા ઘેરબારના લીલા પડયા, તે બીજું કરેબી શું ?

અદલ–શું કરૂં દોસત, આજે મારાં ઘરમાં એક મોટું અંધેર થયું.

સપલ–અંધેર ? ઓહો ! તે શું ?

અદલ–એકદમ મારો બૉલજ ગેપ થઈ ગયો!

સપલ–(ધસકો ખાઈને) અરરરરરર! બૉલ ગેપ થઈ ગયો! પછી?

નવાજ–(મનમાં) ઓ:! શું થયું! સપલશાહની મદદનો જીવજીવ નીકલી ગયો કે?

અદલ–પછી શું વલી? જડયો. પણ મહા મેહનતે અને મોટી મુશકેલીએ. આય મારી હમબગ વાઇફે બેવકુફી કરી સંતાડયોતો, કે બૉલ નહી મલે તો હું ઘરમાંજ ઠરી જાઉં.

સપલ–ખચીત, ઘણીજ ભયંકર વાત! (નવાજબાઇને) નવાજબાઇ તમે એ ઘણું ખોટું કામે કરયું. પોતાના વરનાં કામમાં સેહલાઇ કરી આપવાને બદલે તમો ઓર વચે હરકત નાખોચ એમાં ડાહપણ નહી કરતાં. બઇરાંઓએ માટીડાનાં કામની વચે આવવામાં કેટલો મોટો જોખમ છે તે, તયારે તમો સમજતાં નથી. છટ છટ છટ!

નવાજ–તમારી શીખામણ ઘણી સારી છે, સપલશાહજી. તે હું માથે ચહડાવુંચ. પણ તયારે તમે પોતેબી ધયાનમાં રાખવું જોઇયે કે, વર અને બાયડીનાં કામ વચે પરાયા શખ્સોએ માથું ખોસવુંબી ઘણુંજ જોખમ ભરેલું અને સાથે બેવકુફી ભરેલું છે.

નવાજબાઇનો આ જવાબ અથવા તાનો એટલો તો સખ્ત છે, કે તે સાંભલતા સપલ તદન ફીકો પડી ગયો, અને નવાજબાઇને પાછો જવાબ વાલવાની તેનામાં તાકાત રહી નહી. તેથી ચાટ થઇ હસીને તે નવાજબાઇની ઠેકડી કરવા લાગો, " તમે ઘણુંજ હુશયાર છેવો, નવાજબાઈ. તમારી જબાનદરાજી જોઈ હું તો છકજ થઈ ગીયોચ. " પણ આ તરફ નવાજબાઇ તેનાથી ખાંડી જાય એવી નથી. તેણીએ વલી શાલમાં લપેટીને સપલને પેહરામણી કરી કે, " નહીરે ભઇજી, મારી હુશયારી શું બલીચ. હમે ગમે તેવાં પણ અરધ ગજનુ માથુંબાનું બાંધનારાં બઇરાં, ને તમે જી ભરાયા પચાસ ગજની બધી ગોલ ને ગોલ માથાંની આસપાસ પાગરી બાંધનારા માટીડા. હમેજ જારે હુશયાર હોઇયે તારે વહીતરૂં કરવા છતાં એટલાં હાડમાર શું કરવા થઇયે? સપલશાહ, હું તો અમસથી દુનયાના સરેશતાની વાત બોલી; તેમાં કંઈ બેઅદબી થઇ હોય તો માફ કરજો બા." અહીં વલી સપલને ભારી પડી ગયું. નવાજબાઇનો એ નરમ જવાબ પણ તેને ગલે ઉતરવો મુશકેલ થઇ પડયો. તેથી જાહેરમાં જો કે તેણે મોંડું હસ્તુંજ રાખ્યું, તોપણ મનમાં કપટ પકડીને અદલશાહ આગલ, પોતે જાણે અસલ

ઇંગલંડના હોયતેમ અંગરેજીમાં નવાજબાઇની ડીંગ કહાડવા લાગો. તેના જવાબમાં મુરખ અદલ પોતાની બાયડીનો બચાવ કરી પોતાની નોક અને ભરમ જાલવવાને બદલે, તેણીનાં દુખ રડી સામો તેણીને વગોવવા પડયો. અંતે તેમની એ સુખદુખની વાતનો છેડો એવો આવયો કે, અદલે પોતાની કલાંટ બાયડીના કંટાલાથી છુટવા માટે હાલ તુરત તો સપલ સાથ મેદાનની મુસાફરીએ નીકલી જવું–પછીની વાત પછી! એ ઠેરાવ મુજબ અદલ ફફરતો ચટકતો અને નવાજબાઇ તરફ ડોલા ધુરકી બડબડતો પટપટતો સપલશાહ સાથ બાહેર નીકલી ચાલયો. નવાજબાઇ એ કોટક જોઈ અદલ સામે તો આંખની ઇશારતથી ઠપકો આપીનેજ રહી, પણ સપલની પાછલ તો તેણીએ તે નહી જોય તેમ ગુસા અને ધીકારથી કરરર કરી કટકા પણ મોરયા.

આ બનાવથી બીચારી નવાજબાઇની સઘલી મેહનત ફોકટ ગઈ. અદલને તે દીવસે તેણી જેમતેમ કરી કાંઇક ઠેકાણે લાવી હતી, તે સપલની માત્ર એકજ મુલાકાતમાં પાછું હવાપર જતું રહયું. મેદાનમાં રમી ફરીને તે અસુરે પાછો ઘરમાં આવયો તે વેલા વલી તેને પટાવી લેવાની કોશેશ નવાજબાઇએ કીધી,

પણ ફીકર. કદાચ તે પટવાઈ જાત, પણ મેદાનના થંડી લેડકી વચ્ચે સપલે, તથા તેની સમજાવટથી તેના બીજા મીત્રોએ તેના કાન ભરયા હતા, તેની અસર તેનાં મીજાંમાં હજુ તાજીજ છે. બઇરી કેવી જોઇયે, તેણે વરના હોકમને કેવું માન આપવું જોઇયે, તેણે વરના મીત્રોને કેવી રીતે રીજવવા જોઇયે, ઇતયાદી વાત આપણા તાજા તરફડતા આ જમાનાના ફીલસુફોએ અસરકારક રીતે સમજાવી હતી; અને તેથા તેના મનમાં લાગું છે કે, નવાજબાઈ અચીત હઠીલી, મુરખ, નાફરમાન અને કલાંઠ બઇરી છે. તેથી અદલ, જે અતયાર સુધી તેણી સાથ મીલાવામાં માત્ર બેદરકારીથીજ વેગલો રહેતો હતો, તે હવે પોતાના દોસતો તરફની પોતાની ફરજને લીધે તથા પોતાને મલેલી નવી ફીલસુફી ઊપરથી તેણીને પોતાને લાયકની નહી ગણીને તેમ કરવા લાગો. તેના વીચારમાં થયલો આ ફેરફાર નવાજબાઇ સમજી શકી નહી, અને આગલનીજ પેઠે તેને એક સરખી રીતે બોલાવતી ચલાવતી તથા પટાવતી સમજાવતી રહી.

એમ કરતાં અદલની મુબારક વરસગાંઠનો પનોતો દીવસ વાજતો ગાજતો અને ધમ ધમ કરતો આવી લાગો. તેની બરી બામદાદમાં ન-

બાજબાઇ સઘલાંની અગાઉ ઉઠી સગન કી-
રયા કરવા મંડી ગઈ. પ્રથમ "હથા અશેમ"
પછી પોતાના ધણીને અને તેની વરસગાંઠને
"છ નરાઇ" માંગી. ચુહુલે આતશ રોશન
કરી સુખડ લુબાણ મુકયું. કુવો, ઓટલો તથા
ઊંબર ધોઇ ચોક ચાંદણ કીધાં. અરપટું તથા
કંકુ લગાડી બારણાં બારસાકપર લાલ પીલા
ચટાપટા પાડયા. દીવામાં ઘી પુરી તેને ફુલનો
હાર પેહેરાવયો. ઘરનાં દરેક બારણાં બારીપર
તોરણ બાંધયાં. કુવામાં નાલયેર વધાવયું;
આંગણામાં ઈંડું ફોડયું; અને વરસગાંઠની
સેસ ભરી તઇયાર કીધી. પોતે નાહી ધોઇ સીં-
ગાર સજી કપાલે ટીલી કરી તઇયાર થઈ; અને
પછી વખતસર અદલશાહને પોઢેલા ઊઠાડી
તેવણને અંગોરાવવા તથા "વાગો" બદલાવ-
વાની મેનીજ કીધી. એટલાંમાં નજદીકની કે-
ટલીક સગી વહાલીઓ આવી હાજર થઈ, અને
વરસ ગાંઠનાં ગીતના કોમલ સરોદ નીકલયા.
અદલ જેવા વાગો બદલી, બનીથની ત્રીમત્રાક
થઈ ઓરડામાં આવયા કે, તેવણનાં માય મી-
ઠીબાઇ તથા ધણયાણી નવાજબાઇ તેમને ટીલો
કરવા તથા બતાશો ખવાડવા આગલ ગયાં;
પણ અદલશાહ તો બધી કેલવણી લઈ ભરપુર
થઇને સઘલા સુધરી ગયલા તે તેમ કરવા દીધું

નહી. બતાશો તેણે ફેંકી દીધો અને ટીલો તેણે ભુસરી નાખ્યો. પણ તેથી મીઠીબાઇ અને નવાજબાઈ કંઇ હઠી ગયાં નહી. તેવણે સોગનપર સોગન ખાવા માંડયા. તેમની તરફથી વલી કાકાની શીરીનબાઇ બોલી, "મરૂં અદલશાહ, સપરમો દહાડો એમ ચેરાં નહી કહારયે. બઇરાંનો જે સંસાર છે તે તેઓ કરશે; તેમાં તમે હરકત ના કરો બા." તે પછી મામાની ગુલબાઇ બોલી, "ઓ લરે! અદલ, તમે તો સુધારા વાલા કરતાંબી વધારે સુધારાવાલા થઇ ગયા કે ખાવાની ચીજને ફેંકી દેવાય? તમે ગમે તેવા હુશયાર ને સુધરેલા હોશો, પણ આજે તો ટીલો કરયા વગર ને બતાશો ખવાડયા વગર હમે રેહવાનાં નથી. ચાલો લાવો, એ બધું હું મારે હાથે કરૂં. જોઊં વારૂં તમે કેટલી બોંહુસ કરોચ? જો ટીલો નહીજ કરવા દેશો તો પછી અખઇ રેહાનો બધો નવોસવો વાગોજ કુકાંએ રંગી મેલશ." એટલું બોલી ઝડપથી પીગાની લઇ ગુલબાઇએ અદલનાં કપાલપર બરાબર એક આંગલ લાંબો કંકુનો લીસોટો પાડયો, અને તેજ વેલા શીરીનબાઇએ, ચોખાના બેચાર દાણા સાથે એક બતાશો અદલનાં મોહમાં મેલી દીધો. અદલે ટીલા તથા બતાશાના સગન બઇરીને બદલે બીજી સ્ત્રીઓને

હાથે કરવા દીધા તેથી નવાજબાઇને દલગીરી ઉપજ્યા વગર રહી નાહી. તોપણ સપરમે દહાડે બલાપાને અપસગનનું મુલ ગણી તે મનમાંથી કહાડી નાખયો, અને લાગલાં અદલ આગલ ધસી જઇ તેને "ભરયે હાથે" ઓવરણાં લીધા, અને "વરસ સખ કરારનું ઊગજો, તથા આઇસ ઊવા સાડી સતરસો વરસના થજો" એવી દુવા ચાહી. પણ અદલે તે દુવા ઉપર તુરતજ ડામ દીધો, "હા! સાડી સતરસો વરસના થાજો, કે દુનયામાં સાડી સતર હજાર ધકેલા બાઇને મરયે!" નવાજબાઇએ જોયું કે, જો અહીં કંઈ પણ વધુ બોલીશ તો અદલ વધારે બેહકશે, તેથી "ઓવારૂં ભુસું" કરીનેજ વાત બાઈ ગયાં; અને લાગલી બદામ દરાખની સેવ અને રાતનું બાંધેલું ગોલાબનું પમરતું દહી લાવીને અદલ આગલ હાજર કીધું. તેની પાછલ વલી દહી માછલી અને ખાંડ કેલાં સાથનુ સગનનું ભોણું લાવી મેલયું, જે સઘલાંને અદલે સારી રીતે ઇનસાફ આપયો. તયાર બાદ બાવાની જોડે આતશબેહરામને સેજદો કરી આવયા, અને સેહેજ વખત ઘરમાં આવેલાં બઇરાં વચે સુધારાની તથા કેલવણીની અને માણસ જાતની હાજતોની વાત ચલાવી પોતાના મીત્રોને ઘેર જવા તઇયાર થયા. પણ તેટલે

તેમના બાવાએ તેમને અટકાવયા, અને કહયું, " આજે જરા કામનો દહાડો છે, વાસ્તે ઘરમાંજ રેહવો, ને મને કામકાજમાં તથા લાવવા લેવામાં મદદ કરો." પણ અદલને એ વાત કવડી ઝેર સરખી લાગી. તે લેવટાની પેઠે ફફડી પડયો, અને બાવાને તેમની ભુલ સમજાવવા લાગો, " બાવાજી, તમે સમજોચ શું ? મારા મીત્રો કઈ ભામટા કે ભુખરી બારસ નથી કે માત્ર ચીઠીનાંજ તેડાંથી દોડી આવશે. તેમને તેડવા માટે આજે મારે પોતેજ જવું જોઇયે. ઘરમાંનું કામકાજ હોય ને તમારેથી એકલું પોંહચી નહી વલાતું હોય, તો સુખે એક બે માણસ ઉપલગ કામ કરવા રોજે રાખો. હું પોતે એવે દહાડે કામ કરવા બેસું ? છટ નોનસંસ !"

દીકરાના આ રોકડા જવાબથી બાવાનાં આંતરડાંજ ઉકલાઈ ગયાં. તેવણ અદલને ઝંઝેરી કહાડત, પણ સપરમો દહાડો ઘરમાં રમખાણ થઈ પડશે કરી લોહીનો ગોટ ગલી ગયા, અને અદલને સમજાવીનેજ કહયું, " દીકરા, તું તો કલકતાના ગવંદર જંદરાલને ઘેર જનમતો જનમતો મારે ઘેર ભુલો પડી આયોચ. તું રોજે માણસો રાખવાની ને બીજી મોટી મોટી વાતો કરેચ ખરો, પણ કંઈ બાજો વીચાર છે, કે તેથી પઇસાનો કેટલો બોહ પડશે,

ને બાવાની ટાલકી કેવી ઘસાઈ જશે ? જરા જરા કરતાં આય ત્રણ ચાર દહાડામાં હું દોહડસો બસો રૂપયાને ઘેર ગીયોચ ને તેનાં હાય સોસારાથી મારાં લોહીનું પાણી થાયચ." અદલ આ વાત પર પેટ ધરીને હસયો અને માત્ર એટલુંજ બોલી બાહેર નીકલી પડયો કે, "તયારે તમે ઘેલા ઊતા, બાવાજી, કે ખરચ કરી નામ કહાડવા નીકલીયા. ખરચ કરવો તયારે તો પુરોજ, નહીં તો સઘલું રદ બાતેલ છે. તે કરતાં તમારા હાથમાં ભીડ હોય તો એટલું બધું કરવાને તમોને ગલે કોણ પડયું હતું? જયારે કામજ કરવા નીકલયા તયારે વલી થોડા રૂપયાનો હાયસોસારો શું? એ બુઢાઓના એવાજ રોડરા હંમેશાં હોયચ."

પોતાના બાવાને ખરચ કરવાની ફીલસુફી સમજાવીને, તથા દીકરાને કામકાજ કરવા કેહેવાની મુરખાઇ તેમના મનમાં ઠસાવીને, આપણા અદલશાહ પોતાના દોસતોને તયાં ગયા તો ખરા, પણ તયાંથી તેવણ કેટલાંક નવાં લફરાં ગલે વલગાવયા વગર પાછા ફરયા નંહી. મીત્રોને મોંડેમોડું એજન કરતી વેલા, તેમને તયાં તેમના જે કોઈ બીજા મીત્ર કે સગા વહાલા આવેલા હોય, તેમને પણ તેવણે શરમાશરમીમાં એજન કરી દીધાં. અદલ પોતે જાણતો

હતો કે, ઘરમાં ઘણું તો દશ બાર માણસના સુફરાનીજ તઇયારી છે, તો પણ પોતેબી કાંઈ કરી નાખે છે તેવું દેખાડવા તથા દોસતો વચે પોતાની નોક જાલવવાના થાલા વીચારથી તેણે એ રીતે બીજાં આઠ દશ માણસોની હાર વધારી દીધી. તેમાં માત્ર મીત્રોના મીત્ર અને સગાજ નહી પણ બે ત્રણ બાકુતી બાવરાઓને પણ નોત્રાં દીધાં. અને તે કેવી રીતે? તેમના સઉથી મુખ્ય મીત્ર મી૦ સપલશાહની સલાહથી તેવણે મેસરસ લલીતજી લલકારભાઇ, ગુલચમનજી પરીરૂખજી અને ઠુકરભાઇ બુક્કાશાહને પણ બોલાવયા. એમાંનો પેહલો જુવાનયો ઓબરાં ફીડલ ઉપર હાથ ચલાવી મોટા મોટા રાગોને ભેંસાસુર સુરમાં લલકારી મુંબઈમાં તાનસીન ગવઈયાની જગા રાખેછે; બીજો જુવાનયો નાટકોમાં પરીઓના પારટ બજાવી પોતાની ખુબસુરતી અને નાજ નખરાં માટે લોકોને હેરત કરેછે; અને ત્રીજો નાટકમાં ઠોલયા તરીકે સરસ ગણાઈને પોતાનાં ઠોલયાપણાંથી આખી મુંબઈનાં કલેજાં તોડાવવાનો દાવો કરે છે. તેથી તેમના એ હુંનરોનો લાભ લેવાને મુંબઈમાં ઘણાં કુટમો સરઅવસરે પોતાને તયાં તેમને જમવા તેડેછે, અને તે જમણના બદલામાં તેઓ ગાયછે, નાચેછે અને ઠોલયાપણું કરી

બીજા મેહમાનોનાં દીલ રીજવેછે. આપણા અદલે પણ તેમને એજ નેમથી નોતરયા, અને તેનું નોતરૂં અરધે બોલે તે સાહેબોએ માથે ચહડાવી દીધું.

પણ અદલ એટલીજ કચુંબર કરી અટકયો નહી. તે ઘર તરફ પાછો ફરતી વેલા મેસરસ સપલશાહ, ડફલશાહ તથા ટોપલશાહ, જેઓ તેના ખાસ દોસ્તો અને સુખ દુખના સાથી થઈ પડયા છે તેમને બોંહસ કરી પોતાની સાથે લેતો ગયો—એવી મતલબથી કે, તેમને બપોરે પણ પોતાની સાથેજ જમાડે. હવે ખરેખર તો ઘરમાં બપોરનું જમણ છેજ નહી. સઘલું જમણ રાતનુંજ છે, અને બપોરે તો માત્ર ઘણાંજ નજદીકનાં સગાંની ચાર પાંચ છોકરીઓનેજ નોતરેલી છે; તબી એવી મતલબથી કે ઘરમાં કામકાજ કરવાને હાથ લાગે. વલી તેમને માટે બપોરનું જમવાનું પણ ઘણુંજ સાદું અને ટુંક છે. વરસગાંઠના સગન તરીકે માત્ર ચાવલ, દાલ, પાટયો, દહી અને ઘી છે. તેમાં પાતયો પણ સુકા છમણાનોજ છે, કાંકે તાજા છમણા અને બોઈ માટે ઘણીબી કોશેશ કરયા છતાં તે પુરતાં મલી શકયાં નહી, અને જે સેર અછેર મલયાં તે તો સહવારે અદલના નાશતામાં સાફ થઈ ગયાં. તેમ છતાં અદલ જ-

યારે આ ત્રણ ઢીમધીમ જેવા દોસ્તોને લઇ આવયો, અને તે પણ ખાવામાં ખુલ્લેખુલ્લ ટીકા કરે તેવા, તયારે તેનાં માબાપ વગેરે ઘરમાંનાં સઘલાં માણુસો ઊજલાંસપ થઇ ગયાં, અને સરવે એક બીજાનું મોંહુ જોવા લાગાં. અદલ તે કશાંની જરાપણ દરકાર કરયા વગર પોતાના આ "લીપેલો ઓટલી શોધુ" મીત્રોને લઇ પોતાના ઓરડામાં નચીંત બેસી ટપા મારવા તથા રંગ રાગ કરવા પડયો. તેનાં માય મોઠીબાઇ તો લાણીનો ગોટ ગલી ખુણે ખાંટોલ કંઇ શોધ ખોલ કરવા પડયાં, પણ તેના બાવાનો પીટો ઊછલી આવયાથી તેવણે તેને પોતાના ઓરડામાં બોલાવી તેની આ મુરખાઇ માટે સખત ઠપકો આપયો, તથા હમણા આ વધી પડેલાં માણુસ માટે દોડાદોડીથી જે તઇયારી કરવામાં આવે તેમાં મદદ કરવાને તેને કહયું. તે ઊપરથી અદલનો મીજાજ ગયો; અને ગયો તે કેવો કે તેણે પોતાની કેલવણીથી સંપાદન કરેલાં સરવે ભંડોલને પોતાની મદદે બોલાવી બીચારા "ઘાંખરા"ની ઝાટકણીજ કહાડી નાખી:– "તમે બુઢા થયા તે સાથે તમારી બુધી પણ બુઠી થઇ છે. તમારા શું ડોલા નથી કે હું હજુ તો હમણાંજ બાહેરથી ઠાકેલો પરાકેલો આવયોચ ? એવી હાલતમાં જરા આસાયશબી તો

લેવા દેશો કેની ? તે કરતાં આય બીચારા મારા ત્રણ ફરેરો અને જેંટલમેનો ઘેરબેઠાં આવયા તેમની હજુરમાં રહી તેમની આગતા સવાગના- બાં કરૂં કેની ? તમે કેહોય કે ઘરમાં કંઇ તઇ- યાર નથી, તો તેમાં હું શું કરૂં ? એ તો બાપ તરીકે તમારી ફરજજ છે. તો કાં તમે ઘટતી સમ- યસુચકતા નહી રાખી ? ઘેર ચલાવોચ તારે તમે એટલું બી સમજતા નહી કે, એવે દહાડે પાંચ માણસો વધયા વગર રેહેજ નહી ? બબરચા- ઓને જો સો માણસનું ખાવાનું કેહવામાં આવેચ, તો તેઓ સવાસોથી દોહોડસોનું તઇ- યાર રાખેચ, અને તયારેજ જમન કરનારની આબરૂ રેહેચ, તે શું તમો જાણતા નથી ? જો તમે એવી હાલહવાલ રીતેજ કામ લેવાના હતા, તો એ રમખાણ ઊભુંજ શું કરવા કીધું ? મારી આ ચેતવણી છતાં જો તમે નહીજ કરશો તો પછી વલી આ તરફ હું છું. મારીથી જે થશે તે કરી લેવશ. અભાગયો એક દહાડો તો પાત્ર રો જાય. બધા દહાડા તો તમારા લોકનો હાય- સોસારો ને સંતાપ છેજ, પણ વરસ જેવે દહાડે બી તેજ. અફસોસ ! સદ હજાર અફસોસ ! !"

અદલનાં આ ભાષણથી બીચારા મેહ- રવાનજીનું કલેજુંજ કપાઇ ગયું. એક તરફથી તેમને ઘેરની નોકજાલવવાની ઈંતેજારી, બીજી

તરફથી વધારે પઇસા ખરચવાની ફીકર. ત્રીજી તરફથી વધારે પઇસા ખરચવા છતાં ધારેલું કામ વખતસર પાર પડશે કે નહી તેનો ગુચવાડો, અને ચોથી તરફથી એ સઘલાં વચ્ચે મદદ કરવાને બદલે દીકરા તરફથી "દુખપર ડામ" સરખા ચોબા,—આ સઘલાંથી તેવણ, જોકે જાતે નરમ સવભાવના અને ખમાઉ માણસ છે, તે છતાં તદન તાતી ગયા, અને તે ગુસાની જુમમાં તેવણ અદલને કંઇ કવડા સખુન કહવા જતા હતા; પણ તેવામાં મીઠીબાઇ જે પાછલ ઊભાં રહી આ સઘલું જોતાં હતાં, તેવણ એકદમ વચ્ચે નીકલી આવયાં, અને એકદમ આંખ મારીને કંઇ જુદીજ વાત છેડી ઉભાં; અને હજુ તો તે વાત આગલ ચાલે તેટલે વીજલીની પેઠે નવાજબાઇ તયાં આવી લાગી, અને બોલી, "સસરાજી, તમને હમણાં બજારે જવાની કે બીજું કંઇ લાવવાની કશી જરૂર નથી. બપોરે અદલશાહના દોસતારોને જમાડવાની તક સચવાય એવી ગોઠવણ હું કરી શકશ. ચાવલ, દાલ ને પાતયો તો તઇયાર છેજ. તે ઊપરાંત આખી દાલનાં ઈંડાં કરી નાખીશું; ઘરમાં મુરઘો છે તે કામમાં લઇશું; રાતને માટેનાં ગોશમાંથી થોડુંક ગોશ વાપરીશું; ઝટપટ પાંચ સાત રોટલી હાની નાખીશું; ને

અરધા કલાક કે કલાકમાં જમવાનું તઈયાર કરીશું. મેં પોતે તથા બીજાં છોકરાંઓએ સહવારે સારી રીતે સેવ સાથનો નાશતો કીધેલો છે, તેથી હમો સઘલાં તો બુકબાચક બાહનિજ ચલાવીશું. એ રીતે કામ લેતાં જો કંઈ ખુટ પડશે તો, મરૂં પછી નમતો પોહર થતાં તમો ધીરજથી બજારે જઈ તે લઈ આવજોજી."

નવાજબાઈએ દેખાડેલા આ ન ધારેલા ઊપાયથી અને તે દેખાડવાને વાપરેલી જીબલીથી, તેણીનાં સાસુ સસરાંને એટલી તો ધીરજ આવી, કે તેઓ જાણે કેવાં એક મોટાં દુખમાંથી છુટાં હોય એમ તેમને લાગું. સસરાએ પોતાની ઘેરસંસારી વહુને તેની ઊલટ અને ઈંતેજારી માટે શાબાશી આપી; મીઠીબાઈએ અદલને મોંહોડાં અને બરડા ઊપર પસવારી બાઈ બાપુ કરી તાહાડો પાડી દોસ્તો આગલ મોકલી આપયો. ગુલબાઈએ, પોતાને તયાં આવેલી સગાંવહાલાંની છોકરીઓ સાથે મલી રોટલી, ઈંડાં વગેરે ઝડપચડપ કરી નાખયાં; અને શેવટે અદલશાહ પોતાના મીત્રો જોડે ઠંડે પેટે ભોજન જમવા બેઠા. જોકે તેમનાં ખાણાંમાં હવે કંઈ કસુર જેવું રહયું નથી, તોપણ નવાજબાઈ પોતાનાં સાસુ જોડે તયાં વારંવાર ફેરો મારી, "બાવા

માફ કરજો; ગરીબને ઘેરનું એવુંજ હોય; મસઍરી ના કરતા મરૂં," ઇતિયાદી બોલી બોલી અદલશાહને ને તેવણના શાહ દોસ-તોને સપરમે દાહાડે તાહાડા મીઠા રાખતાં, ઘ-રની અને વરની આબરૂ રાખવાની પોતાથી બનતી કોશેશ કરે છે. પણ તેણી એટલુજ કરી અટકી નહી. પોતે જમવાની જરા પણ દરકાર કરયા વગર, અદલશાહની નોકદાર કમપની જ-મી ઉઠતાંજ તેમને માટે ચાહની તઇયારી કરવા પડી, અને ત્રણ વાગાની અંદર તેમને ઘણીજ લેહજતદાર ચાહ કરીને પણસાથે લાગી "ટોસ્ટ."
તે પછી સાંહાંજ સુધીનો વખત તેણીએ કામ-કાજની દેખરેખ અને ગોઠવણ કરાવવામાં કહા-ડયો. આ સઘલો વખત આપણો સમજનો કોઠલો—આપણો અદલ—માત્ર દોસ્તો સાથ "પી-સની કોટ" અને "બીઝીક" રમવામાં કહા-ડતો હતો.

તે પછી વલી સાંહાંજે પાંચ વાગતાંજ તેઓ તાજી હવા ખાવા અને મેજાંને નવા દેખાવ દે-ખાડવાને, તનદરોસ્તીના કાયદામાં ફરમાવયા પ્ર-માણે, બાહેર પડયા. તેને માટે ચુક નહી થાય તેની તેવણ અને દોસતો ઘણી સંભાલ રાખતા. પણ તયાંથી પાછા ફરતાં તેવણ વલી એક કામ વ-ધારી આવયા. દરયે કીનારેની ઠંડી હવા ઘેર-

તાં અને ઠંડી વાતો કરતાં, તેમાં જયારે રાતનાં ખાનાની વાત નીકલી તયારે તેની જુદી જુદી વાણીઓ સાંભલી સપનશાહે તેને માટે પોતાનો સંતોષ જાહેર કરયો ખરો, તોપણ શેવટે ભલાઈને ખાતર એવી સુચના કીધી કે, "માસટર, એવાં સરસ ખાનાં અને ઊતમ મોજ મજાહને છેડે જો જરા આઇસક્રીમ અને કેક હોય તો ઘણુંજ સારૂં. વાતમાં કંઇ દમ નથી. પાંચ ચાર રૂપરડીની ખીસાદ છે. પણ મેહેમાનો પુરેપુરાજ ખુશી થઈ જશે, અને તારાં 'હેપી બરડે' ની યાદગારી આપણા દોસ્તોમાં કાયમ રેહશે. હું એ ભલામણ નહી કરતે, પણ હમણાં એવો ધારો પડયો છે, તેથી કરયા વગર ચાલે નહી." આ વાત સઘલા ફરેંડોએ દીલોજાનથી કબુલ કરી, અને આપણો "ઘરબારનો લીલો" અદલ પોતાના બાવાનાં ગજવાંનો જરા પણ વીચાર કરયા વગર પાધરોજ પીયરસને તયાં આઇસ્ક્રીમના એક મોટા મોલડનો તથા ત્રણ દજન તાજાં કેકનો આરડર આપી બેઠો. તે જોડે, બરાંડી તથા વાઇન સાથ પીવાને સોડા, લેમન અને કેટલાક રતલ આઇસનો આરડર આપવાને પણ ચુકયો નહી. વાંચનારી બાનુઓ ધારશે કે, અદલના આરડરો અને ખરીદીઓનો અહીં છેડો આવયો હશે. પણ નહી. હજુ કંઈ બાકી

છે. એ દીલસો પાકી કેરીના છે, અને તેથી અદલ બે ત્રણ દજન કેરીનો પણ આરડર કરતોજ આવયો, અને તે કેરીઓ સાધારણ નહી હો! સઘળી હાઉસજ! આ ખરીદીના આરડરો આપતી વેલા તે દરેક ઠેકાણે પોતાનાં નામ અને ઠેકાણાંના ચલકતા કારડો આપે છે, અને તે કારડો ઊપરના સોનેરી અક્ષરો તથા તેનો ચલેજાવ બલેજાવ જેવો ભપકો તથા તેની કાતરની પેરે ચપાચપ ચાલતી જીભલી જોઈ દુકાનદારો પણ ડું થઈ જાય છે, કે વલી આ નવો જવાનીયો અને "શેઠયો" કોણ ઉગી નીકલયો છે!

સમી સાંહાંજને "ધરોઘર વખતે" જેવા દીવા થયા તેવાજ આપણા અદલશાહ, પોતાના ખાસ મીત્રો જોડે ફરીહરી ખરીદી વગેરે કરી હાંફતાહુંફતા ઘરમાં આવી પોંહચયા. બાહેર હેમતજેહેમત કરી આવેલા હોવાથી તેમને ઘણીજ હાક ચહડી છે. તે ઊતારી જરા "ફ્રેશ" થવા માટે તેવણે બરાંડી પાણી માગયું. નવાજબાઈએ તુરતજ એક બાટલી લઈ જઈ ઊખેડી આપી, અને તેનાથી અદલશાહ તથા તેના મીત્રો મેસરસ સપલશાહ, ડફલશાહ અને ટોપલશાહ જરા જરા વારે પોતાનું ગલું ભીજવી "રેશન" થતા ચાલયા. નવાજબાઈ

તેમના આ ચારામારા જોતી રેહેછે; અને જયારે તેણીએ જોયું કે, બરાંડી તેમનાં પેટમાં ઘણો ચચરી વલયોછે તયારે તેણીએ સમય સુચકતા વાપરીને તુરતજ થોડાક ફાલમીના કવાબ જે તુરતનાજ તઇયાર થયલા છે, તે ગરમાગરમ લાવી હાજર કીધા. તે ઊછાલવા જોડે ફરી તેઓએ બરાંડી લેવા માંડયો, અને બાકીના બીજા દોસ્તો તથા સગાઓ આવી પોહચે તે આગમજ તેઓએ આખી એક બાટલીનું માથું ભાંજી આપયું. પણ એવામાં તયાં એક ચમતકાર સરીખો બનાવ બનયો. અદલે વરદી આપયા પ્રમાણે આઇસ, આઇસકરીમ, સોડા, લેમન અને કેરીઓ એક પછી એક આવી લાગયાં. તે જોતાંજ અંજાણાઓમાં તો ખુશહાલી પંથરાઈ, પણ અદલનાં મા, બાવા અને બાયડીના બારેબાર વાગી ગયા. નવાજબાઈ તો તુરત ચેતી ગઇ કે આ સઘલું કયાંથી આવયું; પણ તેણીનાં સાસુ સસરા તે માટે ઈંતેજારીથી પુછપરછ કરવા લાગાં. નવાજબાઇએ જોયું કે જો બાવા દીકરાને પુછવા જશે અને ખરી વાત જણાશે, તો ખુશહાલીને વખતે બને વચે અથડાઅથડી થયા વગર રેહશે નહી, અને સઘલી ભલાઈ હરામમાં જશે; તેથી તેણીએ સંભાલ અને યુકતીથી તેમને અદલ આગલ જવા

દીધા નહી, અને ઘરમાં ચમતકારીક રીતે આવી પડેલી ઊપલી નયામત ચીજો કયાંથી આવી તે માટે પોતા તરફથીજ તેમની આગલ એવો ખુલાસો ટોકી દીધો કે, “ અદલ અને તેના દોસતો મલી એ સઘલું કેડેથી પરજેટ લાવેલા જેવા લાગેછે; પણ એ વીશે હમણાં તેમને પુછવું નહી, કારણ ખાવા પીવાને વખતે તેમને ચકુનમ લાગશે અને તે બાહેરના લોક વચે આપણે માટે શોભા ભરેલું નથી!” આ રીતે શયાણી વહુનાં ડહાપણથી તુરત વેલા તો શેતાન ઊંધો પડયો, અને રંગમાં થતો ભંગ અટકી ગયો. જમવાનો વખત પાસે આવતો ગયો, અને મેહમાનોની ખુશહાલીતથા ઊલટ વધતી ગઇ. સાડા સાત વાગામાં સઘલા મેહમાનો આવી રહયા, અને આઠ વાગામાં સુફરો બીછાયો. સુફરો બીછાવવામાં, તેની ગોઠવણ અને ગણતરી રાખવામાં તથા તેની સઘલી દોડાદોડ કરવામાં નવાજબાઇ, તેણીનાં સાસુ અને સસરા એ ત્રણજ છે. તેમાં સાસુ અને સસરા અસલી વીચાર અને રીતભાંતના હોવાથી, અને આ સુફરાનું કામ સુધરેલી ઢપપર ચાલવાથી, લગભગ સઘલી સંભાલ બાપડી નવાજબાઇને માથે આવી પડેલી છે. પોતાનાં ઘર અને વરની નાક રાખવાને તેણી પુષકલ પસીનો ઊતારે છે. તેણી રા-

ધણીમાંથી ઓરડામાં અને ઓરડામાંથી રાધણીમાં તથા માલપરથી હેઠે અને હેઠેથી માલપર ફેરાઆંટી કરવામાં, જાણે પગે પણોતી લઇને ફરે છે. પણ આપણા અદલ શું કરે છે? તેવણ તો સારી રીતે "બબા" ને ઇનિસાફ આપી મસ્ત અને માતબરની પેઠે એક ઇજીચેર પર પડી મીત્રો સાથ ટપા મારે છે. તેવણ જાણે ઘરના માણસ નથી, પણ બાહેરથી આવેલા પરોણા છે. તેવણની સઘલી અગત તેવણના ભપકા અને જીભલીમાં છે. તેવણ પોતાના એ ભપકાસપકા સાથ ઘડીમાં અહીંથી તહીં લટાર મારે છે, અને ઘડીમાં દોસ્તો આગલ વાંકાટીકા થઇ તેમને રીજવે છે. પણ હાથ ઊંચકી એક ગલાસ મેલવાને કે એક કલસયો ઊઠાવવાને વટીક કામ લાગતા નથી.

સુફરો બીછાઇ તયાર થયા બાદ અદલે પોતાના મીત્ર મી૦ સપલશાહની સલાહથી એવો વીચાર જાહેર કરયો કે, તયાં મેહમાન તરીકે આવેલી સગાં વહાલાંની બાનુઓએ પણ, મરદો સાથે એકજ સુફરાપર બીરાજવું. પણ મરદ મેહમાનોમાં મોટો ભાગ તેના મીત્રોનો હોવાથી, અને તે મીત્રો સાથ તે બાનુઓને કશી પણ આગલી પીછાણ ન હોવાથી તેણીઓએ તેમ કરવાને ના પાડયું. આથી અદલે, સપલ

અને બીજા મીત્રોએ સ્ત્રીઓનાં છુટાપણાં તથા સુફ્રાપર સ્ત્રી મરદોએ સાથે બેસવાના ફાયદા ઊપર નાનાં નાનાં ભાષણો કરયાં; પણ તેની કશી અસર થઇ નહી. અંતે મરદો અને બાનુઓ જુદા જુદાજ સુફ્રા ઊપર બીરાજ્યાં. જમતી વેલા પેહલવેહલો જે જાણુવા જોગ બનાવ બનયો તે એ કે, અદલના સુખ્ખવાસી મીત્રોમાંના કેટલાકોને બુમલા પાપટ ખાવાની એકાએક તલપ થઇ આવી ! અદલે તે વીશે લાગલો હેકમ કરયો, અને તેથી તેનાં મા અને બાયડી નવેસરથી દોડાદોડીમાં પડયાં. માડે ભાયગે એ બંને ફરમાસુ ચીજ ઘરમાં તે વેલા પુરતા જથામાં હાજર ન હતી, તેથી નવાજબાઈ લાગલી ત્રીજે માલનાં ભાડુતને તયાં પોંહચી વલી, અને તયાંથી બુમલા પાપટ લાવી ઝડપ ઝડપ ભુંજી સુફ્રાપર મેલી દીધા. પણ એ કરતાં વધારે જાણુવા જોગ વાત દારૂની સલામતીની છે. તયાં જે સલામતીઓ લેવાઇ તેમાં પેહલી "પાક દાદાર હુરમજદ"ની છે. તે પછી "આતશબેહરામ પાદશાહ"ની, "જરથોશતી સીક્કા"ની, "મહારાણી વીકટોરયા" ની, "અશો રવાનો"ની, "આજના મુબારક રોજ"ની, અદલની સાલગરેહની, તેના ફાધર મેહરવાનજી મશાલાવાલા તથા તેમનાં કુટંબની

અને અદલની કલબની સલામતીઓ અનુકરમે લેવાઈ. આ સઘલી સલામતીઓ વેલા "હુરરે"ના પોકાર કાન ફાડી નાખે એવા જોરથી ઉઠે છે, અને ટેબલ તથા રકાબીઓ એવાં તો જોરથી ઠોકાય છે કે, ભોંયતલયે ખાટલે પડેલાં મકાઇ ડોસાં બીચારાં હેબત ખાઇને ભડકે છે, કે રખેને ઘેર તુટી પડે. પણ એ સઘલાં પછી એક વધુ અને ખાસ સલામતી લેવાઈ, તે વેલાની ગડબડનો તો પારજ નથી. તે સલામતી મી૦ સપલશાહે ચાહી અને તેને ટેકો મી૦ ટોપલશાહે આપયો. તે લેતી વેલા માત્ર ટેબલો અને રકાબીઓ ઠોકાઇને રહીયાં નહી, પણ દરેક ફરેંડ પોતપોતાનાં ગલાસો એક બીજા સાથે ઠોકયાં. તે સલામતી "આપણા હારટી ફરેંડ મી૦ અદલશાહને તયાં એક બેટો આવે તેની" છે! એ સલામતી વેલા બાપડી નવાજબાઈ તો શરમની મારી ઓરડામાંથી બાહેર પોલજ થઇ ગઈ; પણ તેણીનાં સાસુ મીઠીબાઇ, જાણે અદલને તયાં ખરેખર "બેટો" આવયો હોય તેટલાં ખુશહાલ થઇને બોલી ઉઠયાં કે, "મરું રે મરું! બાવા, તયારે તો તમારે મોંડ સેર શાકર ભરું! એવો હસ્તો રમતો દહારો કયારે આવશે!"

એ અને એવાં બીજાં બણુ કોટકો વચ્ચે જમી પરવારયા પછી સરવે મેહમાનો હસબોલ

તથા રમત ગમત કરવા પડયા. તેમાં જોકે મરદો અને ઓરતોની ટોલકી જુદી જુદી છે, તોપણ તેઓ એકજ ઓરડામાં છે. તે વેલા ખાઈ પીને મસ્ત બનેલો અદલ પોતાનાં કુટંબની જુવાન નાજનીનો સાથ પોતાના મીત્રોને "ઈનટરોડયુસ" કરી આપવાથી પછાત પડયો નહી. તે મીત્રો આથી એટલા તો ઊલટમાં આવી ગયા કે, તેઓએ તેણીઓને પોતાનાં એલમ તથા ગાયનના ભંડોલથી છક કરી નાખવાનો ઠેરાવ કીધો. તેઓ પ્રથમથીજ ચેતીને એકાદ બે કાનસરટીના અને ફીડલ પોતાની સાથે લઇ આવેલા છે. તે વગાડવા જોડે તેઓમાંના દરેક જન વારાફરતી મોટે બરાડે બુલબુલી રાગો ગાવા લાગા. પણ તેમાં જેટલી મજાહ તેમના હલકા રાગ, લડડતી તાલ તથા ભેંસાઇ સુરમાં ન હતી, એટલી તેમનાં તાણતોર, ચાલા ચેસટા અને અછાડ પછાડમાં છે. એક તરફથી તેઓ ખાઇપી મસ્ત બનેલા છે, અને બીજી તરફથી સુંદર નાજનીનોને પોતાની હુશયારીથી છક કરવી છે, તેથી તેઓ હાથપર હાથ ઠોકતા, પગપર પગ ઠોકતા, ડોક ઊંચું અને નીચું કરતા, અને ટુકમાં પોતાનાં રેંડયાલ શરીરને જાણે મરડી મચડી નાખતા. વલી આ હુશયારી માટે તેમને શાબાશીની તાલી મલ-

વાને કશો વીલમ લાગતો નથી. અદલનાં ગાયનપર સપલશાહે શાબાશી પોકારી, અને સપલશાહના ગાયન પર ડફલશાહ "બરેવો" બોલયા. મેહરામશાહના ટયુનપર અબરામશાહ "વેલ ડન" બોલયા, અને અબરામશાહનાં તાણપર ચકરમજી "હુરરે" કરવા લાગા. તેઓએ પીલુના દાદરા ગાયા, અને ધનાસરીના કહારવા પણ ગાયા. "છોડી બહામનકી" ગાઈ અને "ગુણી ગુલ રૂખસાર"ને પણ ગાઈ કહાડી.

પણ તે છતાં તેમની ફતેહ તયાં જેવી જોઇયે તેવી થઇ નહી. પોત પોતા વચે તેઓ ઘણાબી રીજયા, પણ પેલી નાજુક નારોની ખાતરમાં તેમનાં ગાયન ઉતરયાં નહી. તેણીઓને તો ગરબી ગરબા ભાવે છે. તે ગાવાને તેણીઓમાંની એકે દરખાસ્ત કીધી, અને તેને માન સાથ ઊંચકી લઈ મી૦ સપલશાહે "મલજો મલજો મલજો રે મારા શયામ વેહલા મલજો" ની ગરબી લલકારી. પણ એ એક ગરબી છે, જે સપલશાહના ભુકારી અવાજમાં અને મરદાની તાણ તોરમાં ઘણીજ કઠોર લાગી. તેથી નાજનીનો વચે સામો તેવણનો હુરયો અને હસી થઇ; અને તે તકનો લાભ લઇ તેણીઓએ પોતે વારા ફરતી ગરબા ગરબી લલ-

કારવા માંડયાં. તે જોકે તાલ સુરમાં બરાબર નહી, તોપણ તેમના નાજુક હલક અને કોમલ નાજનખરાં સાથે બહુજ મનપસંદ થઇ પડયાં. એમાં આપણાં નવાજબાઇ પણ વચ્ચે આવી ગયાં. પોતાની બેહનપણીઓની દરખાસ્ત અને અદલના મીત્રોની બોહસથા તેવણે પણ એક સુંદર ગરબી લલકારી. તે ગરબો દાતરડું માંની છે, અને તે "મી૰ મકોડાજીનાં પરાક્રમ" વીશેની છે. તેની શરૂઆત, "માયજી માયજી માયજી રે તમો સાંભલો વાત મારી માયજી; હું મકોડાજી દીકરો તમારો; કામો મોટાં મુજથી થાયજી રે;"— એવી રીતની છે, અને તેમાં મી૰ મકોડાજીને નામે, નબલા અને તચાક જુવાનયાઓની ઠેકડી કરવામાં આવેલી છે. એ ગરબી ગવાતાં સઘલી-બાનુઓ પેટ ધરી ધરીને હસવા પડી, અને તે તેમને એટલી તો મનપસંદ લાગી કે, તેને ફરી ગાવાને નવાજબાઇને ફરજ પાડવામાં આવી. એ રીતે એ ગરબીથી જયારે સઘલી બાનુઓ ખુશખુશ થઇ ગઇ, તયારે આપણા અદલશાહની કમપની, તેમાં મુખ્યકરી મી૰ સપલશાહનાં પાકીને પોરો થઇ ગયાં. તેઓએ તેનો અરથ એવો લીધો કે, આપણે જે ગાયન ગાયાં તેની ઠેકડી કરવાને માટે તથા આપણને નીચા

પાડવા માટે નવાજબાઇએ બાહમબા કપટથી એ ગરબી ગાઇ, અને તેમ કરીને પોતાના બાવીંદને તથા તેના મીત્રોને ભારે "હાનસલટ" કરયું. અને તે પોતે કરયું એટલુજ નહી, પણ પોતાની બેનપણીઓ પાસે પણ કરાવયું. એવા-વીચાર વચે તેઓ તયાંથી ફફડતા ચટકતા છુટા-પડયા; અને બીજા હાથપર નવાજબાઇ તથા-બીજી બાનુઓએ પોતાનાં નીરદોષપણાં વચે હસી ખુશી સાથ એકમેકથી રુખસત લીધી.

અદલશાહની મુબારક સાલગરેહ હસી ખુશી સાથ શરૂ થઇ હતી, પણ તેનો છેડો, આપણે ઉપર જોયું તેમ, વાંધા વીપટીમાં આવયો. બીજે દીને આફીસમાં જવા આગમજ મી૦ સપલશાહ પોતાના સઘલા દોસતોને ઘેર ફરી વલયા, અને છેલી રાતે નવાજબાઇએ લલકારેલી "મી૦ મકોડાજી" વાલી ગરબી વીશે તેમનાં મત પુછવા તથા તે બાબત ઊપર તકરાર કરવા લાગા. તેમાં કેટલાક મીત્રોનાં મત તેમની તરફેનમાં પડયાં, અને કેટલાકનાં વીરૂધમાં પડયાં. પણ જેઓનાં વીરૂધ પડયાં તેમને તકરારથી તથા સમજાવટથી પોતાની તરફેનમાં અને નવાજબાઇની વીરૂધ ઉતારયા; કેમકે નવાજબાઇથી બે ત્રણ વાર તેમની ગરૂરીને જે ફટકા લાગા હતા, તેનો કીનો તેણી ઊપર લેવાનો તવણે મ-

જમ્હુન ઠેરાવ કીધો હે. એ રીતે બચાઓને પોતાના મત સાથ મલતા કરી તથા નવાજબાઈ વીરૂધ ઊસકેરીને તેવણે એવું ઠેરવ્યું કે, સાંઝે બેકબેપર સઘલા મીત્રોએ મલીને, અદલશાહને હાજર નાજર રાખી, નવાજબાઈની વરતણુક સામે આપણો પરોટેસટ જાહેર કરવો. તે મુજબ તેઓ સઘલા સાંઝે બેકબે પર સાથે મલતાંજ તે વીશેની તકરાર તેઓએ ભારે ગંભીરાઇ અને પુર જોશમાં ચાલુ કીધી; અને બીચારી એક નાજુક અબલાની વીરૂધ તેની પીઠ પાછલ આપણા ઘરબારના લીલા આ પાંચ સાત પેડુલવાનો હેઠલ મુજબ લડાઇ ચલાવવા લાગા. શરૂઆત સરેશતા મુજબ વડા ફરેંડ સપલશાહે કીધી. તેવણ બોલયા, "હું ઘણો દલગીર છું કે, મને મારા એક હારટી ફરેંડની વાઇફ સામે આજે ખરાબ વીચાર જાહેર કરવા પડેચ; પણ છેલી રાતે નવાજબાઇએ જે ગરબી ગાઈ તે આપણને ઇનસલટ કરવાનીજ હતી. તેણીએ આપણને મેકાડાજી બરોબર ગણયા હે; પણ શું ફરેંડો, તમો એ વાત એક ઘડીબી માનશો ? આજ કાલ આપણ સુધારા, કેલવણી અને છુટાપણાના હીમાયતી થઇ પડયાચ, ને તેથી મુંબઇમાં આપણે સીંહ સરખા ગણાઇયેચ, તે કોણ નથી જાણતું ? મને સંતોષ છે કે,

નવાજબાઈ સરખી એકસો અજ્ઞાન સ્ત્રીઓ આપણને મકોડાજી કહે, પણ આપણે સીંહ તે સીંહજ!" મી० શાવકશાહે મત આપયું કે, "નવાજબાઈ બાહેરથી જેવી ફેનોસંટ અને વરસુઅસ દેખાએચ તેવી અંદરખાનેથી નથી. હું માનુંચ કે તે સારી કેરેકટરની તો હોવી નહી જોઈયે. ગઈ રાતે મેં તેણીના જે ચેનચાલા જોયા તેથી તેણી વીશે મારૂં ઓપીનીયન ઘણું લો થઈ ગયુંચ." મી० ડફલશાહે ભુલ ભાંજી કે, "ગમે તેમ હોય, પણ એમાં વાંક સઘલો આપણા અદલનોજ છે. ધારયામેલે તેણે પોતાની વાઈફને ઘણીજ છગાવી મેલીચ. તે પગમાંનું બાસડું પગમાં રાખતો નથી." મી० ટોપલશાહ ભલા થઈ નીકલયા કે, "હું એમાં નવાજબાઈની કસુર કંઈજ જોતો નથી. હા, તેણી ખરાબ ચાલ ચલાવેચ ખરી, પણ તેવી એબ કંઈ એકલી તેણીનામાંજ નથી. આપણા ટોલાનાં એકેએક બઈરાંઓમાં તે એબ ભરેલી છે, અને નવાજબાઈ તેઓમાંની એક છે." મી० ત્રીમત્રાકજી બોલયા કે, "એમાં તમારી ભુલ છે, મી० ટોપલશાહ. આપણામાં સઘલીજ સ્ત્રીઓ ખરાબ નથી. કેટલીક એવી સરસ સુધરેલી સ્ત્રીઓ છે, કે જેણીઓને ફરેશતાની બેટી ગણવી જોઈયે. દાખલા તરીકે, મારીજ વાઈફને લેવો. મારી

ડીયર એમી કેવી ચાલાક, લાયકીવાલી, સુધરેલી અને સદ્ગુણી છે? વલી આપણા સપલની શીરા કેવી હસમુખી છે? આપણા ટાપલની ગુલાં કેવી નરમાસવાલી છે? આપણા ડફલની દીના કેવી ભેલાઉ અને કેહેણસારની છે? ટુકમાં ઇશ્વર કરપાથી આપણ સઘલા ફરેંડો વાઇફના બાબમાં સુખી છીયે; માત્ર એક અદલજ કમનસીબ છે, કાંકે એની વાઇફ ઘણીજ કલાંટ અને ગરૂર છે. જો કે આપણને તેણીની સાથ ઝાઝું કામ પડયું નથી, તોપણ અદલને ઘેર જતાં તેણી આપણી તરફ જે વરતનુક ચલાવેચ તે એવી તો કઠોર છે, કે બસ હવે તો મને એને ઘેર જવા પણ ગમતું નથી. તેણી આપણુથી દુરની દુર રેહેચ, અને એવું દેખાડેચ કે જાણે હું ઘણી પતીવ્રતા બઇરી છું; પણ જે બઇરી જાતે લુચી હોય તેજ એવો ઢોંગ કરે. બેઅદબી માફ છે, ડીયર અદલ, કે હમારેથી તારી હજુરમાં એવું બોલાયચ. પણ હારટી ફરેંડો તરીકે હમોને તારી ભુલ દેખાડી હમારી ફરજ બજાવયા વગર ચાલતું નથી."

આ અને એવી બીજી વાત અદલને ઘણીજ ભારી પડી ગઇ. શું જવાબ દેવો તે તેને સુજ પડયું નહી. પોતાની બઇરીની હીમાયત કરવાને તો તે ચાહતોજ નથી; તોપણ

તેણીની વીરુધ આટલા બધા ટીકા થાય, અને પોતે પોતાના સઘલા ભપકા સાથ એક ખરાબ બહારીનો વર ગણાય, એ પણ તેને ગમતું નથી. તેથી તેણે એવો જવાબ દીધો કે, “મારી વાઇફ્ અભાગણી છે ખરી, પણ તમો સઘલા ધારોચ તેટલી બધી નહી. મને તેણી સામે જે ફરયાદ છે તે એજ કે, તેણી અગ્નાન, વેહમી, અધીરી અને ઓહસીલી છે, અને એક સુધરેલા, વીદવાન અને બહાદુર ભરતાર સાથે કેમ વરતવું તે જાણતી નથી. બાકી તેનાં કંડકટ ખરાબ હોય એમ હું માનતો નથી.” મી૰ સપલશાહ હસીને બોલયા, “તયારે, ફરેંડ, તું ઘણોજ ભોલો છે, અને તારી વાઇફ્ તુને ઠગીને ફુલ બનાવેચ. તેણી ઘણીજ મીંઢી મસકલી છે અને પતાલ પાણી ચલાવી ઓરી કોરડી રાખેચ. ડીયર, તું હજુ સ્ત્રીઓના કાવાદાવાથી તદન અંજાણો છે. સ્ત્રીઓને પારખવાનું, તેણીઓની બોલી અને ચાલણમાં છે, જે તુને હજુ ખબર નથી. મને તેનો સરસ અનુભવ છે, અને તેથી હું ખાતરીથી કેહુંચ કે તારી વાઇફ્નાં કંડકટ સારાં નથી.” મી૰ કસરેવજજીએ ભલાઇનો ભાગ લીધો કે, “ભાઇ હવે તે ખરાબ છે તો ખરાબ, તેની આપણને શું પંચાતી ? જયાં ધણી ધણયાણી રાજી તયાં શું કરે કોટવાલ ને કાજી !”

મી૦ સપલશાહ ડોલા કહાડીને બોલયા, "નો, નો, ફરેંડ! એ ફીલસુફી ધામોના વખતની છે. તે આજના વખતમાં ચાલે નહી. આજે તો જે મરદને સુધરેલી મંડલીમાં ફરવું હોય તેણે પોતાની વાઇફનાં કંડકટ ચોખાંજ રખાવવાં જોઇયે, અને તેણીને પોતાના તાબામાં અને તાબેદાર રાખવી જોઇયે. નહી તો પછી તેનું જીવતરજ બલયું. માટે હું છેલે મી૦ અદલને એવી મજબુત ભલામણ કરૂંચ, અને તેમાં તમો દરેક જન શામેલ થશો, કે તેણે હવે પોતાની વાઇફને સુધારવા પર વધુ ધયાન આપવું, અને ગઇ રાતે તેણીએ જે ખરાબ વરતણુક આપણી તરફ ચલાવીચ તે માટે તેણીને ઘટતી ચાનક લગાડી, ફરીથી તેમ નહી કરે તેનો બંદોબસત કરવો."

એવું ડાહપણ ડોહવીને તથા એવા ઠેરાવ કરીને તેઓ ઉઠયા પછી, અદલનાં કાચાં ભેજાં ઊપર કેવી અસર થઇ હશે, તે વાંચનારી બાનુઓ તુરત સમજી શકશે. અદલે પોતાની જેમ તેમ કરીને એકઠી કીધેલી કીરતી તયાં વેરાઇ ગયલી જોઇ, અને તેથી તેને એટલું તો ખરાબ લાગું કે, તેણે નવાજબાઇ સાથ મરાવાનો, તેણીની પોતે ધારવેલી ખરાબ ચાલ સુધારવાનો તથા પોતાના દોસતોને થયલાં અપમાન માટે

તેણીની પાસે માફ મંગાવવાનો ઠેરાવ કીધો. તે મુજબ ઘરમાં આવતાંજ તેણી સાથે તે ચીડડાં કાડવા લાગો. તે તેણીની સાથ મરાતો તો વારંવાર હતો, પણ હમણાં તેની મરાવાની રીત જુદીજ લાગી. આગલ તેનું મરાવું છોકરવણ હતું, પણ હમણાનું ખરેખર કપટી અને ઝેરી છે. જયારે નવાજબાઇ ઉપર પોતાના ફરેંડોને અપમાન કરવાનું તોહમત મુકયું તયારે તેણીએ તેનો સાફ ઇનકાર કીધો, એટલુંજ નહી પણ અદલની ખાતરી કરવા માંગી કે, તેના મીત્રો ઘણા નાદાન, કપટી અને મતલબી છે; તેઓ નાસીપાસ થયલા છે અને પેટના બલેલા ગામ બાલવાનું કામ કરેછે; અને એવા ભામટા ભટકતા તથા ઓરયા ખાપરયાઓ આગલ માફ માગવી અને તેબી વગર કારણે, એ એટલુંતો ઊંધું કામછે કે, તેમ કરવા કરતાં હજુ ફાંસી જવું બેહતર છે. પણ અદલ ઉપર એ સમજાવતની અસર થઇ નહી. તેણે ઓર એવું માનયું કે, નવાજબાઇ ખરેખર ખરાબ છે, અને મારા દોસતો સામે, અદેખી અને કપટી છે. તેથી તે તેણી તરફ વધારે ગુસે થયો અને મારામારી કરવા લાગો. એ મારામારી બે ત્રણ દીવસ ચાલુ રહી. નવાજબાઇએ તેને ડાબી દેવાને ઘણીબી કોશેશ કીધી, પણ ફોકટ. જેમ જેમ તેણી નરમ રેહતી ગઇ તેમ

તેમ અદલ ખીલતોજ ગયો અને મોંડામાંથી ખરાબ સખુન વાપરવા તથા સેજ હાથચાલાકી પણ કરવા લાગો. તો પણ ઘેરની ફજેતો નહી થાય અને લોકમાં હોહા નહી થાય એવા વીચાર થી નવાજબાઇએ તે વાત છુપાવવાની પુરતી કોશેશ કીધી. પણ તે સઘલું ફોકટ ગયું. પરથમ તેણીનાં સાસુએ અને તે પછી સસરાએ જાણયું કે, આ માટી બઇયેર વચે કંઇ જબરી ચકમક ચાલે છે, અને તેમાં અદલ ઘણોજ બેહકે છે. તેમની એવી પણ ખાતરી થઈ કે, અદલ પોતાના દોસતોની શીખવણીથી નવાજબાઇને નાહક સતાવેછે, અને તે છતાં તેણી તેને લઇ ચલાવવા માંગે છે. તોપણ માએ પોતાના દીકરાને અટકાવવાની કશી કોશેશ કરી નહી. "ગરંધીયો અદલ જરા આકરો છે તેથી એમ ચેડાં કહાડેચ" કરી તેવણે અખાડા કીધા; પણ બાવાથી તેમ થઇ શકયું નહી. થોડોક વખત તેવણે અદલની મકરકુંદી ચાલવા દીધી, પણ તેને છેક આગલ વધતો જોઇ અંતે તેવણનો પીટો ઊછલી આવયો. એક દીવસે અદલ નવાજબાઇની સામે કંઇ બહાનું કહાડી ચોપરવાદી કરતો હતો, તે વામાં તેવણ બાહેરથી આવી લાગા, અને એકદમ વચે પડી તેની ઝાટકણી કહાડી નાખી.

આ ન ધારેલો બનાવ જોઇ નવાજબાઇને પણ નવી વલણ લેવાની સુજ પડી. તેણી અતયાર સુધી અદલની વીરૂધ કોઇ દહાડે કંઇ બોલી ન હતી, પણ હમણાં પોતાના સસરા આગલ તેનાં બેણુકોટકની સધલી રાવ કરી પોતાનુ ભરાઇ રહેલું પેટ ખાલી કરી દીધું. સસરાએ એ બહાનું લઇ વલી પોતાનાં પેટમાં ભરેલો સધલો ઊભરો કહાડયો. તેવણે અદલની પોતાનાં ઘેર તરફની તેમજ બાહરી તરફની સધલી બેદરકારી વીગતવાર જણાવીને તેને તદન માથે પડેલો, મુરખ અને ઘેરબગાડુ કહયો; અને ટુંકમાં, કોઇ દહાડે નહી બોલેલા એટલું સધલું તેવણે બોલી દીધું.

વાંચનારી બાનુઓ કદાચ એમ ધારશે કે, અદલ આ સધલું મુંગે મોંડે ખમી ગયો હશે, પણ નહી. તે સામું બોલવાને ચુકયો નહી, અને તે પોતાના બાપના કરતાં પણ વધારે બોલયો. તેણે બાપને "ધાંખરો," "માથે પડુલો," "ઝનુની," "વેહમી" વગેરે જે મોંડે આવયું તે કહી દેખાડયું; બાવા દીકરા તરફ કશી ફરજ બજાવતા નથી એમ કહી પોતાનું દુખ રડયું; પોતાની બાહરીની કમજાતીની કહાણી કહી સંભલાવી; અને એ રીતે વાત આગલ વધી. એ મારામારી વચે તેનાં માએ જે

ભાગ લીધો તે સલાહ કરાવવાનો છે. તોપણ તેવણ અદલની હીમાયત કરવાને ચુકયાં નહી. જ્યારે અદલના ખુલેખુલા વાંક તેવણ નાચુકર જઇ શકયાં નહી તયારે તેનો દોષ લાવીને સઘલો તેના "અભાગયા ગરેહ" ની ઊપર મેલયો, અને કહયું કે, "કાણા જોશીએ એનો ટપેકો જોઇ એનું ચાલુ વરસ ઘણુંજ પીડાકારીનું કહેલું છે, વાસતે એને કોઇ સતાવો ના!" આટલાં ઠંડાં પાણી છતાં અદલ પોતાને ઇનસાફ મલેલો સમજયો નહી. તેણે સાફ કહયું કે, "હવે ઘરનો તાલો રહયો નથી. બઇરી સાથે હવે તો બાવાખી ઓખલી ગયા. પણ એવો જુલમ હું કદી ખમવાનો નથી. હવે મારેથી થશે તે હું કરશ, અને દેખાડશ કે આએ તોફાનનું પરીણામ કેવું માઠું આવેચ." એમ બોલતોજ કે લાગલો પાગડી ડગલો પેહરી તે બાહેર નીકલી પડયો, તો જોકે તેનાં માએ તેને ઘણોખી સમજાવયો કે, દીકરા, "જરા થંડું પાણી પી તાહડો પડીને જા!"

અદલ ઘરમાં બાયડી અને બાવા સાથ મારામારી કરી આકલો ભુત થઇને દમપરને દમપર બાહેર નીકલી ચાલયો, તે ઊપરથી વાંચનારી બાનુઓ કદાચ ફીકર કરશે કે રખેને તેની મદઇ કુવો તલાવ કરે. પણ નહી. એટલી ફીકર રાખ-

વાનું હાલ કારણ નથી. અદલનાં ભેજાંમાં કીડો દમસમ કરવાનો ચવડવા સાથ એવો પણ કાંઈ દુરનો વીચાર આવયો હતો, પણ રસ્તામાં મીત્રોને મલતાં, તેમની સાથ ટપા ચલાવતાં, એકએની શીતલ હવા ઘોરતાં અને બેંડસટાંડપર બેંડના મધુર સરોદો સાંભલતાં, તેનો ગુસો અને જુસો બંને જેવો ઉતાવલમાં ચહડયો તેવોજ ઊતાવલમાં ઊતરી ગયો, અને તે તદન ઠંડો પડી ગયો. બેંડની મોજથી ફારેગ થતાં તેણે તેમજ તેના મીત્રોએ ઘેરે જમવા જવું જોઇયે, પણ નહી. દહાડો પુનમનો છે, અને તેથી બતીનો વખત થતાંજ પુરવ તરફથી ચંદરનો સોનેરી ગોલો આકાસનાં વીસતીરણ મેદાનમાં ગગડતો થયોછે. તેનું અવલોકન કરતાં શોધક બુધીના મી૦ સપલશાહનાં મનમાં એક નવી મોજનો વીચાર આવી ભરાયો. તેવણે દરખાસત કરી કે, "એવી સુંદર રાત આપણે બાહેર ફરીને એનજોય કરયે તો ઠીક. મને ખબર છે કે, આજ રાતે હુક્કા ઊતેજક મંડલીનો નાટક છે. તે નાટકનું નામ મગરૂબુલ ગુલગુજાર અને અફરકાતઉલ તફરકાત કરીને છે. તેમાં ધરતીકંપ અને જવાલા મુખી ફાટવાના દેખાવો થવાના તથા ઉલગબરડી અને ચીલઝડપના દાવો ખેલાવાના છે. નાટક આખો લખનવી

ગાયનમાં છે, અને વલી તેમાં હેરોયનનો પારટ મખ્ખલુકાત ખીખી કરવાની છે. માટે હું દરખાસત કરૂંચ કે આજે આપણે તે નાટક ખાખસુસ જોવો." સઘલા ફરેંડોએ આ દરખાસત હરખના ઉછાલા વચે પસાર કરી, અને તેઓ નાટકશાલામાં જવાને તઇયાર થયા.

પણ આગલ ચાલતાં વચે સવાલ બે ઊઠયા. નાટકની ટીકીટ કીયાંથી મેલવવી, અને નાટકમાં જવા આગમજ જમવા ખાવાનું શું કરવું. પણ તેનો નીકાલ થતાં વખત લાગો નહી. નાટક જોવા જવાની ઘણું કરીને દરેક તકે આપણો ભોલો અદલ દોસ્તો વચે ચીરાયા કરતો હતો. તે પોતાના બાવાની હલુસે માય સાથ લાડ કરી અને અસટમપસટમ સમજાવી પઇસા ઓકાવી, પોતાની તેમજ પોતાના બે ત્રણ ખાસ દોસ્તોની ટીકીટ લેતો હતો. પણ આજે તો તે ઘરમાં ભાંજી ભુકો કરીને આવેલો છે, એટલે તેનાથી તેમ બની શકયું નહી. તેથી ટીકીટ મેલવવા માટે નવા રસ્તા શોધવાની તેમને ફરજ પડી. સપલે કહયું કે, આ નાટકનો ઘોતાલ "ઑથર" મારો ફરેંડ થાયછે, એટલે એક બે ટીકીટ તો તેની પાસેથી હું "ઓદાબખશ" મેલવી શકીશ. મી० સાવકશાહે કહયું કે, એ નાટક મંડલીના એક એકટર સાથ મને પીછાણ

છે. અને તેથી તે આપણામાંના બે ત્રણ જણાને તો ગેહુ્જમાં મફત ઘુસાડી શકશે. મી૦ ત્રીમત્રાકજી એ ખાતરી આપો કે, તથાંનાસઘલા ક્લાસના ટીકીટ કલેકટરો સાથ મને ફ્રેંડશીપ છે, અને તેથી હું આશા રાખુંચ કે આપણ સઘલાઓ તેમની મેહરબાનીથી વગર ટીકીટે કોઇપણ કલાસમાં સીટ મેલવી શકીશું. આ રીતે આ સઘલા "ઓદાબ્બશો"ની એક અડચણ તો આ ગરહસથાઇ શોધોથી ટલી; અને હવે જમવાની વાત બાકી રહી. તેને માટે નામાંકીત સપલશાહે એવો તોર શોધી કહાડયો કે, આજે આપણે ઘેર ન જમતાં ફાકલંડરોડ ઊપરનાં જીવણનાં હાટેલમાંજ જમવું, કે એક કામમાં બે. કારજ, એક મોજમાં બે ગમત થઇ જાય. આ વીચાર સઘલાએ દીલોજાનથી કબુલ રાખ્યો, અને તેઓ એક હાથમાં પાઘડીઓ અને બીજા હાથમાં નાજુક વાકીંગ ક્ષ્સટીક હવામાં ઘુમાવતા જોશમાં, એક હારમાં અને સરખા પગો મેલતા, શુરા શીપાઇઓની ધપે અને બઇરાંઓ કરતાં નબલાં દીલે આગલ વધયા. પણ આગલ આવતાં તેમનાં પગલાં અટકયાં. મી૦ પીયરસની કનફેકશનરીમાં કેટલાંક જાંગલા મડમોનાં જોડાંને આઇસિકરીમની મજાહ મારતાં જોઇ તેમનાં મોંડામાં પણ પાણી છુટવા લાગ્યું. તેથી એકે

દરખાસત કીધી, બીજાએ ટેકો આપયો, અને સઘલાઓ તયાં આઇસક્રીમ ખાવા ઉતરી પડયા. તયાંથી ફ્રેશ થઈ બાહેર નીકલી, નાટકશાલા તરફ જવાને ટ્રામપર સવાર થયા. જીવણ હાટેલવાલાને તયાં આવી પોહચતાં તેઓએ દરેક માણસ દીઠ અરધા અરધા રૂપયાનાં ખાણાંનો વરદી આપી, અને આપણા આ શેઠયાઓ માટે તેનાં હાટેલના પાછલા કંપાઉંડમાં ખાસ ટેબલ મંડાઈ. જીવણ હાટેલવાલો ઘણો પોહચેલો બુટ્ટો છે. અને એવા ભુખરી બારસ શેઠયાઓને કેમ ચીરવા તે બરાબર જાણેછે. તેને તયાં તરેહવાર પકવાનોની વાણો તઇયાર છે; પણ પ્રથમ તેણે તેમાની માત્ર ત્રણ ચાર સાધારણ અને સાદી વાણીનાંજ નામ તેમની આગલ દીધાં; અને પછી જયારે તેઓ બબા અને એવડાથી ખુબ બહારમાં આવયા, કે એ ખંદો હાટેલવાલો તેમની આગલ આવી નવી નવી સરસ વાણીઓનાં નામ દઇ તેમનાં મોહમાં પાણી છોડવા લાગો:—

"શેઠજી મરઘી જોઇશે? રોસટ કીધેલી નરમ માવા સરખી તઇયાર છે, હોકમ હોયતો લાવું સાહેબ !"

"તો ભલા માણસ એમ બોંસી મરની ! જા જલદીથી એ આખીજ લઈ આવ."

"સોલા! શેઠોને વરે એક મરઘી લાવતો ચાલ જલદી કર, શેઠયાઓ બેસી રહયા છે."

મરઘી આવી લાગી, અને હજુ તો તેની ઊપર હાથ ચાલે છે તેટલે—

"મુરબી સાહેબ, જરા અનેનાસનાં ગોશને ટેસ્ટ કરશો ? તમારેજ ભાગનું બાકી રહેલુ છે. પેલા હજમઅલી કાસમઅલી ખોજાને માટે ખાસ બનાવેલું ઊતું, તેમાંથી તમારેજ ભરૂસે જરા ઊંચું રાખેલું છે."

"તો અભાગયા, વલી પુછી શાનું મરેચ. લાવીને મુકની; તુને અટકાવેચ કોણ?"

"અરે ભલા માણસો, તારે તો કહો તો ગોશના સમોસાખી લાવું ? હું તો શરમાઇને અખાડા કરયા કરૂંચ સાહેબ !"

"જા, લાવ, બેઉ વાણી લાવ, જલદી, જલદી, પેટમાં શોર પડેચ ને મોંડાંમાં પાણી છુટેચ !"

"લાઇઓ સાહેબ ! પોરયા દોડ રે ! ઉભો ઊભો બેહુ વાણી લઇ આવ !"

"તયારે સાહેબ, કસટર તો આજે માંડીજ વાલશો કે ?"

"પણ કસટર છે ખરૂં કે ?"

"અરે સાહેબ, કસટર છે, મુરબો છે, અને જે કેહો તે છે; જાંહાં તમારા જેવા શેઠયા આવે તાંહાં બાકી શું રાખયે !"

"લાવ! જે હોય તે લાવ! એબી લાવ-તેબી લાવ! પેલુંબી લાવ! જલદી! જલદી!"

"લાઇઓ સાહેબ! તઇયાર સાહેબ! હાજર સાહેબ!"

એવી રીતે બહાર ઉપર ચહડેલા અને લેહરમાં આવેલા આપણા સાહેબો સરસમાં સરસ ખાણું લઇ રૂપયા અરધાને બદલે એકેક જણ દોહડ દોહડ બબે રૂપયા સુધી જહટકાઇ, બારોબાર બનીને જીવનનાં હોટલમાંથી અસલ ઢપમાંજ બાહેર પડયા. અને હમારી વાંચનારી બાનુઓ ધારશે કે, હવે તેઓ પાથરાજ નાટકમાં ચાલી ગયા હશે. પણ નહી. હજુ બાકી છે. રસતામાં તેઓએ મીયાં ચંદુલખાં ગુરગુરીખાંનાં કાવાખાનાની ખબર લીધી, અને તયાં ચાહ, કાફી તથા શરબત સોડાથી પેટમાં બાકી રહેલી જગા પુરી નાખી. તયાંથી નીકલેલા તેઓ વલી સકુ પાનવાલીની દુકાન આગલ અટકયા. તયાં તેઓએ પાનનાજે બીડાંનો મુખવાસ કીધો તે કંઇ અરધી દુકાનીનાં નથી. એલાયચી, જાયફલ, અને બદામ પસતાં સાથનાં બબે દોહડયાંવાલાંજ બીડાના દુચા તેઓએ મોંડાંમાં મારયા. અને રસતા વચે તે ચાવતા, પીચકારી મારતા, છાતા કાહડતા, અંગરેજીમાં વાત કરતા, આસપાસ-

નાઓ ઊપર વીદયા હુનરની પોતાની પુરવીણતાનાં બલ ટીકા કરતા, તેઓ નાટકશાલા આગલ આવી પોહચયા, જયાં રણાસણી શેરડીની ગંદેરી ખાઇ પોતાના દાંતયા પીરની શેવટની સેવા બજાવી દરવાજામાં ગગડવા માંડયા.

આપણા અદલ, સપલ, સાવક અને ક્રમપની જોડે ઓદાબખશ છે, અને તેમની પાસે ટીકીટ નથી, તોપણ કોઇ કોઇ ઓરયા ખાપરયાઓની પીછાણ અને ચીલઝડપથી તેઓ અરધી ધકામુકી અને અરધાં માન અકરામ વચે, સટાલસમાં દાખલ થઇ શકયા. એક તરફથી તેઓ તયાં પોતાની વાકીંગ સટીક અને બુટો ઠોકવા લાગા, અને બીજી તરફથી તેમની પાછલ "ઓદાબખશ! ઓદાબખશ!"ની બુમો પડવા લાગી, નાટકશાલામાં તમાશગીરોનો મોટો ભાગ હલકા વરગના મુસલમાનો અને તેવાજ હીંદુઓનો છે. તેઓમાંના ઘણાખરા અવારનવાર હુકા, ચીલમ અને બીડી પીયેછે. તેમનો દેખાવ અને તેના ધુમાડાની કડવી ખુશબોઇથી આપણા એ નવજુવાન મીત્રોના જીવ ઉકલવા લાગા. તેથી તેઓ એક તરફથી નાટક જોઇ તેના એકટરો ઉપર ટીકા કરતા, અને બીજી તરફથી આ હુકકામીયા અને બીડીદાસો સામે દાંત કચકચાવી, તેમને "ડરટી" "ડેવીલ"

"બેગર" ઇતયાદી, વીદયા હુનરના ટીકાઓ સાથ પોતાની ગરહસથાઇની ગોફતેગોમાં લાવતા. તેમાં બાપડા હીંદુઓ તો "વાણયા મુછ નીચી" કરી અબાડા કરી ગયા, પણ બે ત્રણ મુસલમાનો તો "કાગરા ખાઉ" "સુવર" વગેરે સામી આડોતેડી ચોપડી કાહાડી તેમની સાથ અથડી પડયા. અહીં વાત વધી પડત; પણ નાટકવાલાઓએ વચે પડી તેમને છુટા અને ઠંડા પાડયા. પણ તે પછી તેઓએ તયાં વધુ વાર બેસવામાં પોતાની વીદવતા, દરજજા અને શોભાને બેસતું સમજયું નાહી. તેઓ સરખાઓને આ જે "ઇનસલટ" થયું તેથા તેઓ નાટક અધુરો મેલી નાટકને અને સાંભલનારાઓને અપમાન કરી લાગલા તયાંથી ઉઠી ગયા; અને બાકી રહેલો મોજ પુરી કરવાના ઇરાદાથી તેઓ લાગલાજ બુલબુલી જાનને તયાં મધુર ગાયણ સાંભલવા જઇ બેઠા. અંહી તેમને હમો વરણનમાં આણતા નથી. ટુકમાં, આ ગમતથી તેઓ બરાબર રાતે હડી વાગે ફારેગ થયા. અને હવે વાંચનારઓ બચીત માનશે કે, તેઓ હસતા રમતા ઘેરે જઈ પોઢી ગયા હશે. પણ નહી. હજુ બાકી છે! રાત હજુ રમણય લાગે છે, અને તે શતલ ચાંદની વાલી છે. તેથી તેઓએ ઠેરાવ કીધો કે તેની

મજાહ ઘોરતા ધીરે ધીરે બાંયખલા તરફ ચાલયું, અને તયાં પોતાના એક માતબર મીતર નામે મી૦ એરચશા કેરશાસશા ચાઇચાઇના બંગલામાં જઈ ફરેશ થઇ રાતે તયાંજ આરામ કરવો, તથા બરીબામદાદમાં ઊઠી પરેલ મધે કુમલા કંટોલાંવાલાનાં ખજુરાંમાં નીરો પીને પછીજ ઘેર આવવું. તે મુજબ તેઓ હસતા બોલતા અને મરાતા વલગતા બાંયખલે ચાલયા, અને તયાં મી૦ એરચશા ચાઇચાઇનું બારણું ઠોકી, તેનાં કુટંબને મીઠી ઊંઘમાંથી નાહક ભડકાવી, પેહેલાં પાણી માંગી પણ પાછલથી જરા છાંટો પણ સાથે લઈ રાતના વખતનો ધામો તેના ઓટલા ઉપર ચાંદરણી ઘોરવાને બાહાને નાખી પડયા. મી૦ ચાઈચાઇજી ચુલબુલયા હતા. ઘરમાં સઘલાં ફફડવા લાગાં, પણ મી૦ ચાઈચાઈ દોસ્તીના હક અને ફરજ ઘણી સમજતા હોવાથી, તેઓએ ઘેરમાંનાની દરકાર મુદલ કીધી નહી.

અદલશાહ અને તેમના મીત્રોની ચંડાલ ચોકડી બાંયખલે મી૦ ચાઇચાઇના બંગલાના ઓટલા ઉપર હવા ખાતી પડીને શું કરે છે, તે જાણવાને ઓટી થયા વગર વાંચનારી બાનુઓ હવે ઇનતેજારીથી પુછશે કે, આપણી નવાજબાઇનું શું થયું. તેણીઓ જાણીને અ-

જાબ થશે કે, જયારે અદલ પાદશાહી મોજ મજાહમાં આ રાત ગુજારે છે તયારે બાપડી નવાજબાઇ તેની જુદાઇ, નીરાશી અને ચીંતાથી અકલવકલમાં પડેલી છે. અદલ જયારેબી ઘરમાં ટુટફાંટ કરીને બાહેર જતો તયારે બાહેર કંઇ નવનું દોહડ કરયા વગર પાછો ફરતો નહી. તેથી આ વેલા પણ તે કેહરનો મારયો રખેને કંઈ કામ વધારે, તેની હાય સોસનાથી નવાજબાઇનો જીવ ગભરાવા લાગો. તેણીએ તે રાતે ખાધું નહી, પીધું નહી, અને સઘલો વખત વીચારનાં વમલમાં કહાડયો. સાસુએ જયારે ખાવા માટે ઘણીજ બોંહસ કીધી તયારે, તેમના સખુનને માન આપવા માટે, માત્ર નામને ખાતર એક બે બુક મોંહમાં નાખી થંડાં પાણીનો ગોટ ગલી ઉઠીને તુરત સુઇ ગઈ. જો આ વેલા તેણીને ઊંઘ આવી ગઇ હોત તો પીડા પતી જાત, પણ માઠે ભાયગે ઊંઘે તેણીને દગો દીધો, અને તેથી આખી રાત તેણીએ જાણે "કતલ" ના સરખી કહાડી. મધય રાતે જયારે બારની ટકોરી પડી તયારે તેણીને આશા આવી કે હવે અદલ આવવો જોઇયે. તેથી તેણી પલંગ ઊપરથી ઊઠી બારીએ રાહ જોવા ડોકયાં કરતી બેઠી. એવામાં ઘરઘર કરતી એક ગાડી મોહલામાં આવી લાગી. નવાજબાઈ ઉઠી ઊભી

થઈ કે અદલ આવયા! પણ નહી. એ તો સામેના ઘેરવાલા અસપંદયારજી અદુખરાંવાલાની ગાડી છે. નવાજબાઇ નીરાશ થઈને પાછી બેઠી; અને પા કલાક થયો નહી તેટલે અફડાતો ઝીકાતો એક રેંહેકલો આવયો. નવાજબાઇએ માનયું કે હવે તો અદલજ આવવો જોઇયે. પણ નહી. એતો પડોસની ભોંયતલયેવાલી ચાંદણ ચોધારી કોઇને ઘેર લગનમાં ગરબાના રાગડા કાહાડવા ગઇ હતી તે આવી. તે પછી કેટલેક વારે એક કુતરૂં ભોંસયું, અને નવાજબાઇ વલી ઠગાઇ કે અદલજ આવતા હશે. ઘરમાં ફરતા મોટા ઘુસે લાકડાં ખખડાવયાં, અને નવાજબાઇ સમજી કે અદલ આવી લાગા. મોહલામાં કોઇનાં ઘરનો અડગરો ઠોકાયો, અને નવાજબાઇને આશા આવી કે અદલ પણ હવે આવશે.

એ પ્રમાણે આશા બાંધતાં અને ઠગાતાં નવાજબાઇ અતીશે બેચેન બની ગઇ. બાર પછી એક, અને એક પછી બે અને ત્રણ વાગા, પણ નહી અદલ આવયો કે નહી તેની નીશાની મલી. અને હવે ગરીબ નવાજબાઇના નાજુક જીવની ધીરજ, સબર અને હીંમત જતી રહી. "મરેરે! હવે શું કરૂં! શું થયું હશે! અદલ જીભરાયા કયાં ગયા હશે! રખેને મ-

દઇના જીવને કંઇ થયું હોય! રએને તેમની મમાઇ બપાઇએ કુવો તલાવ કરયું હોય! ભલા માણસ મીજાજના આકલા છે; તો રએને કોઇ ભુંડા સાથ અઢડી પડયા હોય ને ચોકી પેહરામાં બેઠા હોય! ઓ માય! હવે શું કરૂં? કયાં જાઊં? કોણને પુછું? શું વીચારૂં? મરે રે મરે! બલયો રે એ દુખ્યારો દહાડો! મુઇ રે આ કડકણી રાત! વગુતું રે આ હીણું નસીબ!" એવા એવા વીચાર અને હાય અફસોસથી નવાજબાઇ જાણે ઘેલી બની ગઇ. તેણીનો ગભરાટ એટલો વધયો કે હવે તેણીથી ખમી શકાયું નહી. એટલામાં મરઘા બોલવાનો થંડો, રલયામણો અને આશા આપનારો ઊંડો સાદ તેણીને કાને પડયો, અને તેથી તેણીને નવી હીંમત આવી. તેણી પોતાની જગાથી એકદમ ઊઠી, અને સાસુના ઓરડા આગલ જઇ બારણું ઠોકી તેમને ઊંઘમાંથી ઉઠાડયાં. ન ધારેલી રીતે ભર રાતે એકાએક બારણું ઠોકાયાથી સાસુજીએ વલી ધસકો ખાધો. તેવણ ગાભરાં પડીને ઉઠયાં, અને બોલયાં—"શું છે! કોણ છે! કેહ રે દીકરી શું કહેચ! મદઇના કોઇના જીવને કંઇ થાયું કે? મારો અદલ!! ઓઃ! ઓઃ! કેહરે માય, મારો અદલ કાંહાં? તે હજુ પણ નહીજ આયો કે? ઓ માય! હવે

શું કરૂં ? તેની મદદએ જીવપર તો નહી કીધું હોય ? જો તેને કંઇ થયું તો હું તો જીવ પરજ કરવાની જો !" સાસુના આ ગભરાટ આગલ નવાજબાઇ પોતાનો ગભરાટ ભુલી ગઇ. તેણીએ પોતાનું માથું ઠેકાણે રાખી સઘલી વાત ધીરજથી તેવણને કહી સંભલાવી. અને પછી પુછવુંજ શું ? નવાજબાઇએ તો પોતાનો ગભરાટ પોતાની છાતીમાંજ સમાવી રાખયો, પણ સાસુએ તો આખાં ઘેરમાં ગોધયારૂં કરી મેલયું. તેવણે પોતાના ધણીને જગાડયા, દીકરીને જગાડી, એટલુંજ નહી પણ બીચારાં ભરભાડુતોનેબી નાલિવંદેવે ભર ઊંઘમાંથી ઝપકાવયાં, તો જોકે તેમ કરવા સામે નવાજબાઇએ તેવણને ઘણીબી મનાઈ કીધી. પણ ગભરાટ અને ગડબડાટ કંઇ એટલામાંજ અટકયો નહી. તેમાં એક નવો ભડકો ઊઠયો. તે એ કે, અદલના બાવા મેહરવાનજી ઊઠતાંને વારજ, બીજી બધી વાત પડતી નાખી, પોતાનાં ધણયાણી મીઠીબાઇ ઉપર છેડાઇ પડયા. તેવણ હાથ અને પગ પછાડી બોલયા કે, "એમાં બધી કસુર તમારી છે. એ કમબખ્ત દુકતાને છગાવી મેલનાર તમેજ છેવો. તેને મારી હલુસે પઇસા આપીને રાતો રવાઇ નાટકમાં, સરકસમાં, મેલામાં અને સઘલાંમાં ભટકવાનું ઉતે-

જન તમેજ આપયુંચ. તમારીજ કુમકપર તે એટલો છકેલ ને બેહ્યા થઇ ગીયોચ. જો તમે એને ખોટા લાડ લડાવીને છગાવો નહી તો એ એટલું માથું ઊંચકવાની હીંમત કરે નહી. અને હવે વાત જારે હાથથી ગઇ તારે તમે પોતાનું ફોડી લેવાને બદલે વચ્ચે મને ઘસડવા આયાંચ. તો હવે હું શું કરૂં? તમે છેવો ને તમારો દીકરો છે, ફોડો માથું ને કાહાડો લાલ લોહી. હું તો હવે એ દુકતાથી બેજાર ને કાયર થઇ ગીયોચ." આ સખત તાના ટપલા સાંભલી મીઠીબાઇ ઢીલાં તો પડયાં, પણ તેવણે જોયું કે ધણીના ધાસાથી જો ડબી જવશ તો તેવણ વધારે રસપર ચહડશે તેથી તેવણ સામાં તેમને દમ ભરાવવા લાગાં, "વાય વાય! મેહરવાનજી, એ તે શું તમારો રીત કે? જુવાન પાહાર જેવો ને પથરમેથી પાણી કહારે તેવો દીકરો ખોહવાઇ ગીયો, તેને શોધવાનું નહી મલે, ને પેલી મુઈ ભુરી રાણુની પજે તાના ટપલા મારવા શાનુ બેહાચ? જાવો અતર ઘરી બાહાર, ને મારા નવસો નવાઇના દીકરાને, જેવો ઊતો તેવોજ ને આજો ને આજો સહી સલામત મારી આંખ આગલ લઇ આવો. નહી તો હું મારો જીવજ પછાડી નાખશ! હા, તમને કહી મુકુંચ સાફ; બમાર રાતને વખત મારા દીકરાને કંઇ વાંકું બોલાયાચ તો

તમને મારા જીવના સમ છે. તમારો મદછને દીકરાને નામેજ શાની અભીતરી ભરાયચ? તે નાટક જોવા ફરેચ તેમાં તે મુવું શું પાપ થાયું? હોયજ તો, બચ્ચાં હોય તે કેવાં હોય? સઉના છોકરા રાતો રવાઇ બાહાર ફરેચ કેની? તમે એમ છેક દાબી ધરો તારે મુવું જીવાય તે કેમ?" એ સઘલી ધાંધલ છતાં મેહેરવાનજી કંઇ નરમ પડયા નહી. તેવણે મીઠીબાઇની વધુ ઝાટકણી કહાડી; અને મીઠીબાઇએ તેવણની પાછી ધુલ પખોડી. એવો રીતે વાત આગલ વધી; પણ તે ગંભીર રૂપ પકડે તે આગમજ ઘરમાંનાં બરભાડુતો વચે પડયાં, અને સઘલાં રમખાણનો દોષ નાપાક શેતાનને માથે નાખી એવું ઠેરવયું કે, મેરવાનજીએ ત્રીજા માલવાલા ભાડુત ધનજીશાહ સાથે નાટકશાલા આગલ જઇને અદલની ખબર કહાડવી. એ ઠરાવ મુજબ તે બીચારાઓ મોડી રાતને વખત આંખ ચોલતા અને અવાચી ખાતા કોટમાંથી છેક ફાકલંડ રોડ ઉપર નાટકશાલા આગલ ગયા. પણ તયાં તો કાલું કુતરૂં બી દીઠું નહી. હવે કરવું કેમ? પણ " ભુતનું ઠેકાણું આમલીમાં," એ કેહવત યાદ કરી તેઓએ ધારયું કે અદલનો પટો તેના ડીયર ફરેંડ સપલને તયાં મલશે. એવા વોચારથી તેઓ સપલને ઘેરે ગયા; પણ

તયાંથી જે સાર મલયો તે એટલોજ કે સધલા દોસતો રાતે મોજ કરવા ઉતરી પડયા હતા, અને તયાંથી તેઓ કદાચ બહારો બહાર નીરો પીવા ગયા હશે, અને સહવારે આવશે, કેમકે તેઓ અવારનવાર એમ કરેછે. આ વાત જણાવતાં સપલશાહના બાવાએ અદલશાહના બાવા આગલ પોતાના છોકરાનાં ઉડાઉપણાંની વાત કહાડીને દુખ રડવાને કંઈ બાકી રાખયું નહી. મેહરવાનજીએ તેમની તરફ દીલસોજી દેખાડતાં પોતાના અદલ વીશે તેવોજ બલાપો કહાડયો, અને તેથી તેઓ વચે "આવ ભાઈ હરખા, આપણ બેઉ સરખા" તેવી વાત થઇ પડી. તયારબાદ તેઓ તયાંથી પોતાને ઘેરે પાછા ફરયા, જે વેલા બામદાદનો કલાક પાંચનો અમલ થવા આવયો હતો. તેમની વાતથી જોકે ઘરમાં સરવે કોઇને થોડી ઘણી ધીરજ આવી, તોપણ અદલનાં માયનો જીવ માનયો નહી, અને તેવણે ગડબડ તથા ગભરાટ જારીજ રાખયો. નવાજબાઇની જોકે એટલી ખાતરી થઇ કે અદલ કેઠે મોજ મારવા ઉતરી પડેલો હોવો જોઇયે, તોપણ તેણીનાં મનની બેચેની નીકલી ગઇ નહી. દીવસ ઉગવાની તઇયારી છે, એટલે પાછું સુવાનો વીચાર તો તેણે માંડીજ વાલયો, અને સરેશતા

મુજબ ઘરનું કામકાજ કરવામાં રોકાઇ. તેણીએ કુવાની પણગત ધોઇ, ઊંબર ધોયા, અને બંને ઠેકાણે ચોકના સાઠયા નાખયા. તે પછી પાણી ભરયું, વાસણ ઊજાલયાં; અને છેલે, ચુહુલો સણકી પાણી તાતવા મેલયું, કે અદલશાહ જેવા ઘરમાં આવે તેવાજ તેમને નહુવાડી નાએ (!)

પણ એ સઘલો વખત અદલનો અને તેનાથી મલેલી નાસીપાસીનો વીચાર તેણીનાં મનમાંથી નીકલયો નહી. તેનો ગમ તો તેણીની છાતી ઉપર ચહડી આવતોજ રહયો. તેમાં આખી રાત ઇતેજારી સાથનો ઊજાગરો કીધેલો, અને તેબી વલી ભુખે પેટે; તેથી તેણી એટલુંજ કામ કરતાં એટલી તો ઠાકી ગઇ કે, તેણીને મગજે ભમરી આવવા લાગી. તેથી બાકીનું કામ અધુરૂં મેલી એકદમ પોતાના ઓરડામાં જઇ તેણી પલંગ ઉપર ફસડાઇ પડી—અને પડી તે પડીજ! કાં કે એવી સખત ઇતેજારી, બેહદ બલાપો, અતીશય નાસીપાસી, આખી રાતનો ઉજાગરો, ભુખી હાલત, અને કામની થાક,—એ સઘલાં સાંટક એકઠાં મલયાથી તેણીને ધધરીને સખત તાપ ચહડી આવી.

આ તરફ બાપડી નવાજબાઇ પોતાના વરની ઇનતેજારોમાં તાવની ભોગ થઇ પડી છે, અને પેલી તરફ આપણા અદલશાહ પોતાની

મોજની મસ્તીમાં એક નયારીજ જંજાલના શીકાર થઈ પડે છે. અદલ અને તેના મીત્રો ઠેરાવ મુજબ સહવારમાં નીરો પીને પરેલથી પાછા પોતાને ઘેરે આવવા માટે, જી. આઈ. પી. રેલવેની એક ત્રેનમાં સવાર થયલા છે. તયાં ગાડીમાં બેઠા બેઠા પોતાની હુશયારી, ગુરરાજી અને દમામ દેખાડવાને તેઓ કશું બાકી રાખતા નથી. આખે રસતે તેઓ ધીરે ધીરે ગાયન લલકારે છે, અને અનેક મજાહ કરે છે. વલી ગાડીમાંના દરેક ઉતારૂ સામે તેઓ ભરમમાં તેમજ ખુલી રીતે ટીકા ચલાવે છે; અને જાણે ગાડી તેમના બાવાનીજ હોય, અને તેઓ સીવાય બીજા ઉતારૂઓ વગર પઇસે બેઠેલા હોય, તેમ તેઓ ગાડીમાં સઉથી વધારે જગા રોકી રાખે છે, અને તેમાં ગમે તેમ છબર કરે છે. પણ એટલુંજ નથી. તેઓ દરેક જાત વાલાઓના ચેષટા પાડે છે. હીંદુઓને "પોતયાંદાસ," "પોતયાં પારેખ" તથા "અલીના અલયા;" મુસલમાનોને "મીયા ફુજ્જુ;" ફરંગીઓને "ગેપાઊ;" વોહરાજીઓને "ભુજીના બંદા;" ઘાટીઓને "બાજીરાવ પલાલા;" પરભુઓને "વાંસફોરા;" અને અંધયારૂઓને "કુરાઈ કોસ" વગેરે કહી, તે બાપડાઓનાં પજરણમાં તેઓ મોજ અને કીરતી માને છે. નાદાન ચીબાવલા-

ઓને કોણ મોંડે લગાડે કરી કોઈ તેમની સામે થતા નથી; અને જેમ જેમ તેઓને કોઇ અટકાવતું નથી તેમ તેમ તેઓની જીભલી બેહેકતીજ ચાલે છે, અને તેમાં તેઓ પોતાની ફતેહ થતી વીચારે છે. પણ તેમની આ ફતેહ વધુવાર ટકી નહી. એક મીયા સાહેબ, જેઓ ગાડીનાં એક ખુણામાં બેસીને ગુપચુપ બીડી પીતા હતા, તેમને તેઓએ બીડી નહી પીવાનો હોકમ કીધો, અને તે જયારે તેણે માનયો નહી તયારે પોતાની વેલાતી બોલીમાં તેને "ડરટી," "નેસ્ટી," "ડેવીલ" "બેગર," વગેરે ફરમાસુ ગાલો ચોપડી કહાડી. પણ આ મીયા સાહેબ કંઇ બાપડા પેલા હીંદુ જેવા પોચા કે વોહરાજી જેવા રાંક નથી. તેવણ આપણા આ વેલાતી માસટરો કરતાં વધારે તીસમાલખાં છે, અને તેવણનાં મગજમાં રાઇ, મરચાં અને મરી સઘલાં સાથેજ ભરાયલાં છે. તેથી આપણા અદલ અને તેની કમપનીએ જેવી તેને અંગરેજીમાં ગાલો ઝાડી તેવાજ તે બાંહે ચહડાવી ઉઠયો, અને "કઉત્તા," "કાફર," "સુવર" વગેરે કહી, પોતાના ગજવામાંની છરી કાહાડી તેમની સામે ધસયો. એથી આપણા એ અરધ સુધરેલ બહાદુર મેકોડી પેહેલવાનોનાં હાડકાં તો ગગડીજ ગયાં. તેઓ તદન ગાભરા પડી ગયા; પણ ગાડીમાં બેઠલા સંખયાબંદ જી

તારૂઓ વચ્ચે શરમ લાગે તેની બીહીકથી તેઓ "એંચ પકડ, મુજે જોર આતા હે" એ કેહવત પ્રમાણે જરા તેં તું કરવા લાગા. પેલા મીયા સાહેબ કેફની ખુમારીમાં ભારોભાર છે, તેથી તેવણ કંઈ પાછા હટયા નહી, અને વાત વધી પડી. બીજા એકમારગી ઉતારૂઓ આપણા એ સુધરેલ સાહેબોની "લુલીની લપલપા"થી કંટાલી ગયલા છે, તેથી તેઓ સઘલા મીયાની તરફ થઈ ગયા; અને વાત એટલી રસપર ચહડી કે, ભાંયખલા સટેશન ઉપર ત્રેન આવતાંજ તે મીયા સાહેબને તેમજ આપણા સુધરેલોને ગાડીમાંથી ઉતારી પાડવાની ફરજ પડી. તયાં તેમને લાગલાજ આપણા પીલી પાઘડયા પોલીસના "સીપાઈ દાદા" આવી મલયા, અને કેટલીક હોંસાતોંસી થયા પછી તેમને પોલીસ ઇનસપેકટર મી૦ મલાઊન સાબ (?) ને બંગલે લઈ ગયા, જેણે સરેસતા મુજબ પુછપરછ અને નોધ કરી લઇને તેમને એક બીજા સામે સમનસ લઈ ફરયાદી ચલાવવા જણાવયું.

એ ખટપટ અને દોડાદોડમાં અદલ બપોરે બાર વાગાસુધી ઘેર જઇ શકયો નહીં; અને તેની આગમજ કોઇ ઓલખીતાએ તયાં જઇને ખબર પોંહચાડી કે, તમારા અદલશાહ અને તેમના દોસતોને મુસલમાનો સાથ જ-

બરી મારામારી થઇછે; અદલ અને તેમના દોસતો ઉપર મરતતોલ માર પડયોછે; અને વલી તેમને મુશકાટાટ કરી પોલીસમાં ધસડી લઇ ગયા છે! આ ખબર મલતાં અદલનાં ઘરમાં કેવી અસર થવી જોઇયે, તે વાંચનારી બાનુઓ સેહલથી સમજી શકશે. અદલનાં માએ સરેશતા મુજબ ગોધાટ અને ગડબડાટ કરી ઘેર ગજાવી મેલયું. તેના બાપ તેની શોધ ખોલ માટે પોલીસ સટેશનો અને પોલીસ કોરટ તરફ દોડાદોડમાં પડયા. અને નવાજબાઈ બીચારીતો તાપે પડેલી, એટલે એ વાત સાંભલતાંજ અંચીતો ધસકો ખાઈ બેસુધ થઇ પડી, જેમાંથી તેણીને મહા મેહનતે પાછી હુશયાર કરવામાં આવી. નવાજબાઇને હુશયાર કરવામાં આવી તે વેલા અદલ ઘરમાં આવી પોંહચેલો છે. અને વાંચનારી બાનુઓ ખચીત વીચારશે કે તે પોતાની માયાલુ બાયડી આગલ દોડી જઇ તેણીને દીલાસો આપવા તથા તેણીની મેનીજ કરવા મંડી ગયો હશે. પણ નહી. ખચીત નહી. અદલ નવાજબાઇ પાસે ગયો નહી, અને તેણીની મેનીજ કીધી નહી તો નહીજ, પણ તેણી મરેછે કે જીવેછે, તેણીને શું થયુંછે, અને કાં થયુંછે, તેની પુછપરછ કરવાની વટીક દરકાર કીધી નહી. અને જયારે નવાજ-

બાઇને જોવા આવેલી તેણીની એક સહી તરફથી અદલને કેહવામાં આવયું કે, તમો જરા નવાજબાઈ આગલ આવો, તેણીનો ગભરાટ નરમ પાડો અને તેણીને દીલાસો આપો, તયારે તેણે નવાજબાઈ સમજે તેમ ખુલી રીતે અને ડોલા ફેરવીને કહયું કે, "એ શું ફજેતો? એ શાની વચમાં અરડાઇ પડીછે? એને શું ધારે ખાધીછે? હશે તો કાંઇ એનાં કરતુકનાં ફલજ હશે!" કેવું બેકદર માણસ!

અદલશાહની એવી બેફકરાઇ અને શોખાઇનું પરીણામ ઘણું દુખદાયક નીપજયું. તેથી નવાજબાઇની નીરાશી અને કકલાટ ઉપરાંત થઇને તેણીની માંદગી વધતીજ ચાલી. ઘરમાં તેણાને માટે દવાદારૂની ધમાલ અને ડાકટરોના ફેરા ચાલુ થયા. સરેશતા મુજબ તેણીને જોવાને માટે તેણીની સહી મીત્રીઓ, સગાંવહાલાં, અને ભરબાકુતોની ભીડ પડવા લાગી. જો કે નવાજબાઇએ બનતાં સુધી પોતાના વરની કહાણી છુપાવવાની કોશેશ કીધેલી છે, તોપણ સઘલાં સમજી ગયાંછે કે તેણીની માંદગીનું મુલ કોઇજ નહી પણ તેણીનો વર અદલ છે. ખુદ નવાજબાઈનાં માબાપ પણ તે પામી ગયાં. તેઓ તો અદલની ચીબાવલી વરતનુક વીશે આગલથીજ જાણીતાં છે; અને

તેથી તેઓ વારંવાર પોતાની દીકરીને સલાહ આપતાં આવયાં હતાં કે, એવા વરને નીવારી ઓવારીને તું ફર, અને જોઇયે તારે આપણાં ઘરમાં આવી નીરાંતે રેહ. નવાજબાઇ તે માનતી ન હતી, અને પોતાને સાસરે ઘેરજ રહી કોઇબી રીતે પોતાના ભરતારને વસ કરવાનો ઠેરાવ રાખતી હતી. પણ તેણીની આ માંદગીમાં તે સઘલું ઉલટાઈ જવા લાગું. તેણીનાં માય માસી તેણીની આ માંદગીમાં તેણીને જોવા આવેલાં, અને વધારે માંદગી જોઇ તયાંજ રહી પડેલાં છે. એ ટાંકણે તેમને અદલની સખત વરતનુક નજરે નજર જોવાની તક મલી, અને તે જોડે કેટલીક ભાકુતણીઓએ તેમની આગલ નવાજબાઈનાં સંકટની વાત, બઇરાંઓના રેવાજ પ્રમાણે મીઠું મરચું ભભરાવીને કહી. અને એ સઘલાંનું પરીણામ શું નીપજયું? એજ કે, નવાજબાઇને તેણીની માંદગીને બહાને તેઓ પોતાને ઘેર લેઈ ગયાં. નવાજબાઇનાં સાસુ અને સસરાએ ઘણુંબી ના કહયું, નવાજબાઇએ પોતે પણ ઘણી આનાકાની દેખાડી, પણ સુનાંમાય (નવાજબાઈનાં માય) એકનાં બે નહી થયાં. તેવણુને પોતાના વીચારમાં મકમ રેહવાને તથા ફાવવાને, નવાજબાઈની માંદગી ઊપરાંત એક બીજું પણ કારણ મલયું હતું. તે

એ કે, આ વેલા નવાજબાઈ હમેલદાર છે, અને તેથી તેણીને પોતાને ઘેર બોલાવી રાખવાને સુનામાએનો જીવ તલપાપટ થયાજ કરતો હતો. દીકરીનું પેહેલું સુવાવડ દરેક માયને દુનયામાં એક રાજ કરતાં પણ વધારે વહાલું લાગે છે; અને નવાજબાઈનાં માયનાં સરખાં એક તદન અસલી વીચારનાં અને જુના રેવાજોને ઝનુનથી માનનારાં બઈરાં તેવી તકને પોતાના હાથથી કદી પણ જવા દેય નહી.

એક તરફ નવાજબાઇ માંદી થઇને સાસરેથી મહીએ જઇ પડી છે, અને બીજી તરફ અદલશાહ ફરયાદા ફરયાદીની ધક્કામુક્કીમાં પડયો છે. તેણે ધરપચમાં ને ધરપચમાં પોતાના એક ઓલખીતા વકીલની સલાહ લેઇને પેલા મીયા સાહેબ સામે, હુમલો કરવાનો, ગાલ દેવાનો, અપમાન કરવાનો અને ધમકી આપવાનો, એવા ચાર વાંકો મેલીને પોલીસ કોરટમાં ફરયાદી માંડી છે. તેવાજ વાંકો મેલીને મીયા સાહેબે પણ તેની ઉપર સામો સમનસ મેલવયો છે. જો કે મીયા સાથની મારામારીમાં અદલ કંઈ એકલો ન હતો. તેની જોડે તેના સઘલા મીત્રો હતા; તોપણ એમાંથી કેટલાકોએ સટકી જઇને અને કેટલાકોએ ફુલનજી કરીને, "ઢેરનાં ગાડાં" દાખલ તેનેજ આગલ પાડ-

યો છે. અદલ પોતે કંઇ બાહાદુરી કરીને નામ મેલવવાની તક શોધતોજ હતો, તેથી તે આ દલદેસરીનાં કામમાં મોટી ખુશીથી આગલ પડયો છે. વલી એક મી○ ગપમારશાહ નામે જુવાન શખ્સ તુરતનાજ વેલાતથી બારીસટર બનીને આવેલા છે, અને જેઓ મી○ સપલશાહ. ના મીત્ર થાય છે, તેઓએ તેમને "ઓબલાઇજ" કરવા માટે આ કેસની "બરીફ" કશા પણ લવાજમ વગર પોતાના હાથમાં લીધી છે. આથી અદલ અને તેના મીત્રો પેલા મીયાને માત્ર સાદી સજા કરાવવાનીજ ઉમેદ રાખતા નથી, પણ ઓછાંમાં ઓછાં સાત વરસ "કાલાં પાણી" મોકલવાને મુછયાં મરડે છે. હમો ધારયે છીયે કે, હમારી ઘણીક વાંચનારી બાઇઓ પણ એવીજ આશા રાખશે, કેમકે જેમ ફરયાદી માંડનારા સાહેમો હુશયારનાં પુછડાં છે, તેમજ તેમના બારીસટર સાહેબ પણ વેલાતની હવા ખાઇ આવેલા છે. એટલે પછી જોઇયેજ શું! માજીસ્ટ્રેટ તેમના પેલા હરીફ મીયાને ફાંસી ચહડાવે તે પણ તયારે તો થોડું ગણાય! વલી તે મીયાએ કઇ બારીસટર રેકેલો નથી. તેનો બચાવ કરવાને માત્ર એક દેશી વકીલ છે તે નથી વેલાતી કે નથી ભપકા વાલો. એટલુંજ કે લાંબી મુદતની "પરેકટીસ" થી તે પોતાનાં કુલાને

બચાવી લેવા માટે સારી રીતે પખ્યાત થયલો છે. પણ તે આપણા અદલ, તેની કમપની અને તેમના બારીસટર સાહેબની ખાતરમાં આવતો નથી. તેઓ તેને હસી નાખે છે, અને કેસ જીતવાની પુર ઉમેદમાં ટાંટયા ટટાર રાખી અહીંથી તહીં દોડતા ફરે છે. કેસ પેહલો નીકલે તેની અગાઊ તેની માંડવાલ કરવાને અદલને તેના બાવાએ બહુ આગરહ કરયો. પણ અદલની ખાતરમાં તેમની વાત ઉતરી નહી. તેણે પોતાના બાવાને "બીહીકણ" અને "વેહેમી" ગણીને હસી કહાડયા, અને જાણે કેવોએક વરઘોડે ચહડવાનો હોય એવી ઊલટ અને ભપકાસાથે તે પોલીસ કોરટે ચહડયો.

પણ અફસોસ! તેની એ ધારણા અંતે ઊંધી વલી. તેના કેસે શરૂઆથીજ ઉલટો વલણ લીધો, અને અંતે તે તેની વીરૂધ ચુકયો. મીયા સામેનો તેનો કેસ ઉડી ગયો, અને તેની સામેના મીયાનો કેસ સાબેત થયાથી તેને રૂ ૨૫ ના દંડની સજા થઇ, તથા છ મહીના વેર સુલેહથી રેહવા માટે તેના હાથ મચકડા લખાવી લેવામાં આવયા. એમ કેમ બની ગયું? વાંચનારી બાનુઓ ઘણી અજાયબી સાથ આ સવાલ પુછશે. તેનો ખુલાસો સેહેલ છે. અદલનો બારીસટર વેલાતથી આવેલો હતો કે પછી શ્રી

ઈંદિરનગરીથી આવેલો હતો; પણ તે તદન કાચો, પોલીસના રાહઘાટથી સદંતર અંજાણો અને તે જોડે ભોલો હતો, જેથી તેણે સવભાવીક રીતે કેસને હાલ હવાલ ચલાવયો. બીજા હાથપર પેલા મીયાનો વકીલ સઘલી રીતે પહાવરડો, ઝડપયો અને અનુભવી હતો, તેથી તેણે સામેવાલાની નબલાઇ અને નાવાકિફીનો લાભ પુરતીરીતે લઈ લીધો, અને પોતાના કુલને નહી આશા રાખેલી રીતે જીતાવી આપયો. પણ આ હાર જીતનું કારણ એકલું એજ નથી. જયારે અદલ તરફથી માત્ર તેના ત્રણ ચાર ચુલબુલયા તચાક મીતરોએજ સાક્ષી આપી, તયારે મીયા તરફથી રેલવે ગાડીમાં બેઠેલા કેટલાક ઘરખમ ઉતારૂઓએ, પોલીસ સીપાઇઓએ તથા પોલીસ ઇનસપેકટર મી૦ મલાઉનસાબે સાક્ષી આપી. તેમાં તેઓએ અદલ અને તેના મીતરોની ટચાકી અને ચીબાવલાપણાનો ચીતાર એવીતો સારી રીતે આપયો કે, માજીસતરેટના મન ઊપર તેની સારી અસર થયા વગર રહી નહી. વલી આ સાક્ષીઓ જયારે પોતાની ઊલટ પાલટ તપાસમાં જરાબી ડુટા નહી, તયારે અદલના મીત્રો ઊલટ પાલટ તપાસમાં હયાંથી તયાં અને તયાંથી હયાં ડોલા ખાવા પડયા હતા. આ સઘલાંથી અદલની પારટી માત્ર હારીનેજ આવી નહી, પણ માજી-